SHREE H.N.SHUKLA COLLEGE OF TEACHER EDUCATION

RAJKOT

(Affiliated To Saurashtra University & NCTE)

# ગુજરાતી પદ્ધતિ

# બી.એડ્.

# સેમેસ્ટર-૧

# CPS-1 ગુજરાતી પધ્ધતિ

## એકમ – 1 પાઠ આયોજન25%

1.1. માઇક્રોટીચિંગની સંકલ્પના, અગત્ય

1.2 કૌશલ્ય પરિચય (વિષયાભિમુખ, ઉદાહરણ, પ્રશ્નપ્રવાહિતા,સ્પષ્ટીકરણ, શ્યામલક કાર્ય,ઉત્તેજનાપરિવર્તન)

1.3 સેતુપાઠનો અર્થ, મહત્ત્વ

1.4 માઇક્રોટીચિંગ અને સેતુપાઠનો તફાવત

1.5 માતૃભાષા શિક્ષણનો અર્થ

1.6 માતૃભાષા શિક્ષણનું મહત્ત્વ : પ્રત્યાયન, અભિવ્યક્તિ અને શિક્ષણનાં માધ્યમ તરીકે...

## એકમ – 2માતૃભાષા શિક્ષણનાં હેતુઓ25%

2.1 સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ : અર્થ અને તફાવત

2.2 હેતુઓનું સ્તરીકરણ જ્ઞાન પ્રાપ્તિ, અર્થગ્રહણ, ઉપયોજન, અભિવ્યક્તિ અને રસાસ્વાદ

2.3ગુજરાતી ભાષા શિક્ષણના અનુદેશાત્મકહેતુઓ

2.4જુદી જુદી કક્ષાનાં (ધોરણના) વિશિષ્ટ હેતુની રચના

## એકમ – 3માતૃભાષાનાં મૂળભૂત કૌશલ્યો25%

3.1 શ્રવણ, કથન, વાચન, લેખન : સંકલ્પના અને વિકાસની પ્રવૃત્તિઓ

3.2 માતૃભાષા શિક્ષણની પ્રયુક્તિઓ, આદર્શ વાચન, કાવ્ય પઠન, પ્રશ્નોત્તરી : સંકલ્પના અને મહત્ત્વ

## એકમ - 4 માતૃભાષા શિક્ષણની પદ્ધતિઓ25%

4.1 આગમન અને નિગમન

4.2 પ્રકલ્પ

4.3 વ્યાખ્યાન

4.4 નિરીક્ષિત અભ્યાસ : સંકલ્પના, મહત્ત્વ અને મર્યાદા

# એકમ – 1 પાઠ આયોજન

## 1.1. માઇક્રોટીચિંગની સંકલ્પના, અગત્ય

### માઇક્રોટીચિંગનો અર્થ અને સંકલ્પના

સામાન્ય રીતે માઈક્રોનો અર્થ સૂક્ષ્મ અથવા નાનું એવો કરવામાં આવે છે. આથી માઇક્રોટીચિંગ પાઠનું પાઠ્યવસ્તુ ઓછું હોય, વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય, પાઠનો સમય ઓછો હોય તેને માઇક્રોટીચિંગ કહેવામાં આવે છે. માઇક્રોટીચિંગનો અર્થ અને સંકલ્પના સમજવા માટે આપણે માઇક્રોટીચિંગની વિવિધ વ્યાખ્યાઓ જોઈશું. માઇક્રોટીચિંગ એ નાના પાયા પરનો શિક્ષણનો પ્રયોગ છે.

"Microteaching is a scaled down teachingencounter in a class size and class time."

- Ellen Dwite

વર્ગના કદ અને સમયની દષ્ટિએ માઇક્રોટીચિંગ એ માપી શકાય એવી અધ્યાપન પ્રક્રિયા છે.

“માઇક્રોટીજિંગ એ વર્ગશિક્ષણ માટેના શિક્ષકના વર્તનમાં ફેરફાર ભાવા માટેની અસરકારક પ્રયુક્તિ છે.

- કેલનબેક

"માઇક્રોટીચિંગ નિયંત્રિત પરિસ્થિતિમાં વિશિષ્ટ શિક્ષણ વ્યવહાર પર સ્થાન કેન્દ્રિત કરે છે અને એક અધ્યાપન કૌશલ્યમાં પ્રાવીણ્ય મેળવી શ્રી કૌશલ્યમાં આગળ વધવા શિક્ષણ વ્યવહાર કરાવે છે. માઇક્રોટીચિંગમાં પ્રક્રિયાઓ, સમય, પાઠની લંબાઈ અને વર્ગનું કદ નાના માપમાં હોય છે.

-એલન અને ઈવ

માઇક્રોટીચિંગ એ એક એવી પ્રયુક્તિ છે કે નિયંત્રિત પરિસ્થિતિમાં વિશિષ્ટ પ્રકારના શિક્ષ ્ વર્તન પર ધ્યાન કેન્દ્રિત કરે છે કે થી એક વખતે એક કૌશલ્યમાં ક્ષમતા પ્રાપ્ત કર્યા પછી બીજા કૌશલ્ય તરફ જઈ શકાય.

-એલન અને રાઈ

## માઇક્રોટીચિંગનું મહત્ત્વ (Importance of Micro teaching)

### [1] માઇક્રોટીચિંગ વર્ગ અધ્યાપન માટે સહીસલામત વ્યવહાર છે:-

અનુભવી કે બિનઅનુભવી પ્રશિક્ષણાર્થીએ મોટા સમુદાયવાળા વર્ગમાં અનેક જટિલ શિક્ષણવ્યવહારો આચરવાના હોય છે. તેમના દ્વારા વર્ગના વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન ફેરફારો આણવાના હોય છે. પ્રશિક્ષણાર્થીએ એ માટેનાં સંકીર્ણ વર્તનો આચરતાં પહેલાં તેમના સંદર્ભમાં પ્રત્યેક વર્તન તરાહને અનુલક્ષીને – તે કૌશલ્યો અને તેમનાં ઘટકો સમ લેવાં જોઈએ. માઇક્રોપાઠ દરમિયાન વ્યક્તિ પોતાના મિત્રો સમક્ષ કે સમવયસ્કો અને સહશિક્ષણાર્થીઓ સમક્ષ પોતાનો પાઠ આપે છે. તે આટલા નાના જૂથમાં શરમ કે સંકોચ અનુભવતી નથી. અજાણી કે અજ્ઞાત વ્યક્તિઓ દ્વારા ટીકા—ટીપ્પણીનો ભય રહેતો નથી. તેની લઘુતાગ્રંથિ દૂર થાય છે અને સ્વમાનભેર આત્મવિશ્વાસપૂર્વક તે ખેલદિલીથી શિક્ષણકાર્ય કરે છે.

આના દ્વારા સાથીનાં સૂચનો અને પોતે આપેલા પાઠમાં આત્મનિરીક્ષણ અને વીડિયો ટેપ રેકોર્ડરની સહાયથી તે પોતાની નિર્બળતાઓ ક્રમશઃ દૂર કરી શકે છે. આમાં તેને મિત્રો કે અધ્યાપકો તરફથી પ્રતિપોષણ પણ મળે છે. આથી સેવાકાલીન શિક્ષકો અને તાલીમાર્થીઓને અધ્યાપન માટે જરૂરી એવાં અધ્યાપન કૌશલ્યો વિકસાવવામાં તે મદદ કરે છે. બિનઅનુભવી શિક્ષકોને કૌશલ્યો હસ્તગત કર્યા પછી વર્ગખંડમાં વિશાળ વિદ્યાર્થી સમુદાય વચ્ચે કેવી રીતે શીખવવું તેની ભૂમિકા પાડે છે. આથી તે સહીસલામત વ્યવહાર છે, એમ કહી શકાય.

[2] **વર્ગવ્યવહાર સુધારવા માટેનું કેન્દ્રિત સાધન** (A focussed instrument) :

સામાન્ય રીતે માઇક્રોટીચિંગમાં એક કૌશલ્યને હસ્તગત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. એક જ કૌશલ્ય પર પહેલાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. પોતાનો વર્ગવ્યવહાર સુધારવા ઇચ્છતો શિક્ષક તેના શિક્ષણકાર્યના વિશિષ્ટ દોષોને માઇક્રોટીચિંગ દ્વારા ઓળખીને દૂર કરી શકે છે. તે એક પછી એક વિશિષ્ટ કૌશલ્યો પર કેન્દ્રિત કરીને વિવિધ પદ્ધતિ દ્વારા ત્વરિત પ્રતિપોષણ પૂરું પાડે છે, અને તેને સતત શિક્ષણ કરવા દઈને ટૂંકા સમયમાં અધ્યાપન કૌશલ્યો હસ્તગત કરવામાં સહાય પૂરી પાડે છે. ટૂંકમાં, પ્રશિક્ષણાર્થી વર્ગ અધ્યાપનને લગતા વિશિષ્ટ દોષોને ઓળખી લઈને તે માઇક્રોટીચિંગ દ્વારા અલ્પ સમયમાં શિક્ષણનાં કૌશલ્યો હસ્તગત કરી શકે છે.

[3] **વર્ગખંડનાં કોરાલ્યોનો વિકાસ** :

માઇક્રોટીચિંગ દ્વારા આપણે અગાઉ જોયું તે પ્રમાણે વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય છે. પ્રશિક્ષણાર્થી વર્ગશિક્ષણ માટેનાં જરૂરી કૌશલ્યોના સંદર્ભમાં માઇક્રોપાઠનું આયોજન કરે છે અને તે શિક્ષણના તબક્કા (Teaching sessions) માં વર્ગઅધ્યાપન કરે છે. પાઠ આપ્યા પછી પ્રશિક્ષણાર્થીને નિરીક્ષક અને સહાધ્યાયીઓ પ્રતિપોષણ આપે છે. ત્યારબાદ તે પુનઃશિક્ષણ (Reteach) કરે છે. આમ તે વર્ગખંડમાં એક પછી એક વિવિધ અધ્યાપન કૌશલ્યોનો મહાવરો કરે છે. માઇક્રોટીચિંગ દ્વારા કૌશલ્યો હસ્તગત કરવાની પૂર્વતાલીમ મેળવ્યા પછી તે વર્ગમાં જઈને અસરકારક શિક્ષણ કરી શકે છે.

[4] **નિરીક્ષણ માટેનો હકારાત્મક અને સુવ્યવસ્થિત અભિગમ** (Positive and new approach to supervision) :

રૂઢિગત કે ચીલાચાલુપાઠમાં સામાન્ય રીતે નિરીક્ષક વર્ગમાં પાછળ બેસીને પાઠની શરૂઆતથી અંત સુધી નિરીક્ષણકાર્ય કરે છે. વર્ગખંડના ચીલાચાલુ શિક્ષણમાં વિવિધ પ્રકારના અધ્યાપન કૌશલ્યોનો તાલીમાર્થી આશ્રય લે છે આ બધા કૌશલ્યોનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરવું અઘરું છે. આથી, યોગ્ય નિરીક્ષણ કરી શકતો નથી. આથી અધ્યાપનકાર્ય વિશે તે સામાન્ય સ્વરૂપે (Global) સૂચનોની નોંધ કરે છે. આ સૂચનો

કેટલીકવાર ગોળ ગોળ કે તદ્દન નકારાત્મક પણ હોય છે. આથી તાલીમાર્થીમાં એક પ્રકારની હતાશા પેદા થાય છે. માઇક્રોટીચિંગ પ્રક્રિયામાં નિરીક્ષક માત્ર એક જ કૌશલ્યનાં વિવિધ ઘટકોનો ઉપયોગ શિક્ષણાર્થીએ કર્યો કે નહિ અથવા કેટલા પ્રમાણમાં ઉપયોગ કર્યો તેનું અવલોકન કે નિરીક્ષણ કરે છે. ટૂંકમાં, માઇક્રોપાઠ વખતે નિરીક્ષક એકજ કૌશલ્ય પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. આથી, નિરીક્ષણ સચોટ અને મર્મવેધી બને છે. તે ધારદાર હોય છે. નિરીક્ષણ આ રીતે નિરીક્ષક દ્વારા શિક્ષણાર્થીની નબળાઈઓ અને સધ્ધરતાને ચોક્કસ સ્વરૂપમાં ઓળખી શકે છે. આ નિરીક્ષણનો નૂતન અને વિધેયાત્મક અભિગમ છે.

[5] **પ્રતિપોષણ ખૂબ જ સ્પષ્ટ અને દિશાસૂચક** :

પ્રશિક્ષણાર્થી સંખ્યાત્મક અને ગુણાત્મક દૃષ્ટિએ થયેલાં ધારદાર અવલોકનને આધારે નિરીક્ષક પાસેથી કે વીડિયો ટેઈપ દ્વારા પોતે અજમાવેલ કૌશલ્યના પ્રત્યેક ઘટકનું સ્પષ્ટીકરણ મેળવે છે. પોતે ઉપયોગમાં લીધેલાં કૌશલ્યના કયા ઘટકનો કયાં વતોઓછો ઉપયોગ થયો તે અંગે પ્રતિપોષણના તબક્કે સમજ કેળવે અને પોતાના કાર્યનાં સારાં - ખરાબ પાસાં તારવે અને તેમાં યોગ્ય પરિવર્તન લાવી શકે તે માટે માઇક્રોટીચિંગની પ્રક્રિયા મહત્ત્વની બની જાય છે.

[6] **સતત તાલીમ માટેની મહત્ત્વની પ્રયુક્તિ** :

બિનઅનુભવી કે પૂર્વતાલીમથી વંચિત પ્રશિક્ષણાર્થી વર્ગઅધ્યાપન માટેનાં જુદાં જુદાં કૌશલ્યોની તાલીમ આ પ્રયુક્તિ દ્વારા મેળવી શકે છે. વળી સેવાકાલીન તાલીમી કાર્યક્રમમાં અનુભવી શિક્ષકો પોતાના કૌશલ્યની નબળાઈઓ જાણીને દૂર કરી શકે તે માટે માઇક્રોટીચિંગ પ્રયુક્તિ સફળ અને અસરકારક ગણાય છે. ટૂંકમાં, પૂર્વકાલીન તાલીમ કાર્યક્રમ અને સેવાકાલીન તાલીમ કાર્યક્રમ માટે આ પ્રયુક્તિ મહત્ત્વની ગણાય છે.

[7] . **પ્રશિક્ષણાર્થીઓનો સભાક્ષોભ દૂર થાય છે** :

રૂઢિગત કે ચીલાચાલુ પ્રશિક્ષણ કાર્યક્રમમાં પ્રાયોગિક પાઠો આપતી વખતે પ્રશિક્ષણાર્થીઓ લઘુતાગ્રંથિ અનુભવે છે. તેઓ ધ્રૂ છે, પરસેવાથી રેબઝેબ બની જાય છે. સમૂહમાં તેઓ બોલતી વખતે ખચકાટ અનુભવે છે. આ પરિસ્થિતિમાં માઇક્રોટીચિંગમાં પાઠ આપતી વખતે અલ્પસંખ્ય વિદ્યાર્થીઓની હાજરીમાં સ્ટિમ્યુલેટેડ પરિસ્થિતિમાં પાઠ આપવાના હોવાથી તાલીમાર્થીઓમાં આત્મવિશ્વાસ આવે છે. તેમનો સભાક્ષોભ દૂર થાય છે અને પ્રશિક્ષણાર્થી પ્રત્યેક કૌશલ્યની યોગ્ય સમજ મેળવી નાના જૂથ સાથે મુક્ત મને તેની અજમાયશ કરી શકે છે.

[8] . **શાળાઓ પરના ખોજમાં ઘટાડો** :

સામાન્ય રીતે તાલીમી સંસ્થાઓ ખાસ કરીને માધ્યમિક તાલીમી સંસ્થાઓ વર્ગ શિક્ષણની તાલીમ આપવા માટે માધ્યમિક શાળાઓમાં શિક્ષણાર્થીઓને મોકલે છે. આથી શાળાઓમાં તેના રોજબરોજના શિક્ષણકાર્યમાં ક્યારેક અવસેધો ઊભા થાય છે. તેમને અભ્યાસક્રમ પૂરો કરવાની મર્યાદા હોય છે. પરીક્ષાઓની મર્યાદા હોય છે. તેથી શાળાઓમાં જ્યારે પ્રશિક્ષણાર્થીઓ જાય છે ત્યારે કેટલીકવાર શાળાઓને તે બોજારૂપ લાગે છે.

માઇક્રોટીચિંગ પ્રયુક્તિમાં શિક્ષણાર્થી પોતાનો માઇક્રોપાઠ પોતાના વિદ્યાર્થી મિત્ર સમક્ષ આપી શકે છે અને - તે કૌશલ્યનો મહાવરો મેળવી શકે છે. આ માટે તેણે શાળામાં જવાની જરૂર રહેતી નથી. પરિણામે શિક્ષણાર્થી પોતે પોતાને આપવાના કુલ પાઠોમાંથી કેટલાક પાઠ શરૂઆતમાં માઇક્રોટીચિંગ પ્રયુક્તિ દ્વારા આપે અને પછીથી બાકીના પાઠો શાળામાં આપે. આમ બધા પાઠો શાળામાં અપાવવાને બદલે તેમાં ઘટાડો કરી શકાય છે. આ રીતે શાળાઓ પર શિક્ષણાર્થીઓના બધા જ પાઠોનો બોજો પડે તેને હળવો કરી શકાય છે.

## 1.2 કૌશલ્ય પરિચય
## (વિષયાભિમુખ, ઉદાહરણ, પ્રશ્નપ્રવાહિતા,સ્પષ્ટીકરણ, શ્યામલક કાર્ય,ઉત્તેજનાપરિવર્તન)

### વિષયાભિમુખ

**વિષયાભિમુખ કૌશલ્યનો અર્થ**

શિક્ષકે વિષય, વિષયાંગ કે મુદ્દો શીખવવાનો હોય તેના પ્રત્યે વિદ્યાર્થીઓને અભિમુખ કે અભિપ્રેરિત કરવાના કૌશલ્ય (યુક્તિ-પ્રયુક્તિ) ને વિષયાભિમુખ કૌશલ્ય કહેવામાં આવે છે.

વિષયાભિમુખ કૌશલ્ય હસ્તગત કરવામાં પ્રશ્નોત્તરી, સ્પષ્ટીકરણ, સુદઢીકરણ, ઉત્તેજના પરિવર્તન કૌશલ્યનો યોગ્ય રીતે ઉપયોગ કરતાં આવડવું જોઈએ.

**વિષયાભિમુખ કૌશલ્યના હેતુઓ**

વિષયાભિમુખ કૌશલ્યના હેતુઓ નીચે પ્રમાણે ગણાવી શકાય.

વિદ્યાર્થીઓને નવું જ્ઞાન મેળવવા તત્પર કરી શકાય.

વિષયાભિમુખ પ્રક્રિયા દ્વારા શિક્ષક  પાઠ કે મુદ્દો શીખવવાના છે તેના અનુસંધાનમાં વિદ્યાર્થીઓ સાથે જ્ઞાનાત્મક સ્તરે સંબંધ બાંધી શકાય.

વિદ્યાર્થીઓનું અપેક્ષિત પૂર્વજ્ઞાન કે પૂર્વવર્તન ચકાસી તેનું નવા જ્ઞાન કે લક્ષ્યવર્તન વચ્ચે તાર્કિક અનુસંધાન કરી શકાય.

વિદ્યાર્થીએ ક્યું નવું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે કે ક્યા લક્ષ્યવર્તન તરફ ગતિ કરવાની છે, તેનો સ્પષ્ટ ખ્યાલ આપી શકાય.

વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાન અને નૂતન જ્ઞાન વચ્ચે અંતર ઘટાડી શકાય.

વિદ્યાર્થીઓને વર્ગવ્યવહારમાં ભાગ લેવાની તક સાંપડે છે.

વિદ્યાર્થી સરળતાથી નવું જ્ઞાન પ્રાપ્ત કરી શકે.

**વિષયાભિમુખ કૌશલ્યના ઘટકો**

શિક્ષકે વિષયાભિમુખ કૌશલ્યના ઘટકને અસરકારક રીતે હસ્તગત કરવા માટે ઇચ્છનીય વર્તનો અંગે જાણી તેનો મહાવરો કરવો જોઈએ, એટલે કે આ વર્તનો વિષયાભિમુખ કૌશલ્યનાં ઘટકો ગણાય છે.  મ કે પૂર્વજ્ઞાનનો ઉપયોગ, યોગ્ય પ્રયુક્તિનો ઉપયોગ, હેતુઓ સાથેની સુસંગતતા આ વર્તનો ઇચ્છનીય ગણાશે. જ્યારે વિષયાભિમુખ કૌશલ્ય માટે અવરોધક વર્તનને અનિચ્છનીય વર્તન કહે છે.  માં સાતત્યભંગ અને કૃત્રિમ રીતે મથાળું (શીર્ષક) કઢાવવું વગેરેનો સમાવેશ થાય છે.

1.. **ઈચ્છનીય વર્તનો** (Desirable Behaviour)

શિક્ષકે વિષયાભિમુખ કૌશલ્ય હસ્તગત કરવા માટે નીચે દર્શાવેલાં ઇચ્છનીય વર્તનો આચરવાં જોઈએ

[1] પૂર્વજ્ઞાનનો ઉપયોગ અને [2] યોગ્ય પ્રયુક્તિનો ઉપયોગ.

[1] પૂર્વજ્ઞાનનો ઉપયોગ કરવો :

વિદ્યાર્થી શાળામાં આવે તે પહેલાં પોતાના ઘર, મિત્રો અને આસપાસના વાતાવરણમાંથી અનેક અનુભવો અને વિવિધ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ પૂર્વાનુભવ કે પૂર્વજ્ઞાન કહેવામાં આવે છે. શિક્ષકે નવા જ્ઞાન કે અનુભવને પૂર્વજ્ઞાન વર્ષાનુભવ સાથે સાંકળીને વિદ્યાર્થીઓને સભાન બનાવવા જોઈએ. આ માટે શિક્ષકે નવા વિષયાંગની માહિતી મેળવી, તેના વિશે સંપૂર્ણ સમજ કેળવીને, તેને અનુરૂપ પૂર્વજ્ઞાન શોધી કાઢી, નવા જ્ઞાન અને પૂર્વજ્ઞાનનો યોગ્ય સંબંધ જાણીને તેનું યોગ્ય સંકલન કરવું. આ માટે શિક્ષકે વિદ્યાર્થીઓની ઉંમર,કક્ષા, ધોરણ, માનસિક યોગ્યતા વગેરેને ધ્યાનમાં રાખવા જોઈએ. વિદ્યાર્થીઓ મુદ્દાની રજૂઆતમાં પૂર્વજ્ઞાન કે પૂર્વાનુભવનો ઉપયોગ કરે છે કે કેમ તેની ખાતરી તેમના સાચા ઉત્તરી પરથી થાય છે. કોઈકવાર નીચેના વાં વિધાનોનો ઉપયોગ થાય છે.

આ અગાઉ આપણે શીખી ગયા છીએ કે..

જયારે આપણે પ્રદર્શનની મુલાકાતે ગયા ત્યારે આપણે જોયું હતું કે...

વિદ્યાર્થીના અનુભવની વસ્તુ બતાવી પૂછે છે કે, આ શું છે ? તેમાં શું દેખાય છે ?.... વગેરે, .

[2] યોગ્ય પ્રયુકિતઓનો ઉપયોગ કરવો

શિક્ષક નવીન જ્ઞાન કે અનુભવ કે વિષયનો મુદ્દો શીખવવાના હોય તેની સાથે વધારે પ્રમાણમાં સુસંગત હોય તેવા (વિદ્યાર્થીઓના) પૂર્વજ્ઞાન કે પૂર્વાનુભવ શોધી કાઢયા પછી તે અંગે વિદ્યાર્થીઓમાં સભાનતા લાવવા શિક્ષક નીચેની પ્રયુક્તિઓનો ઉપયોગ કરી શકે છે.

પ્રશ્નોત્તરી

ઉદાહરણ કે દૃષ્ટાંત

કથન

વ્યાખ્યાન કે વર્ણન

નાટ્યીકરણ કે રોલપ્લે

વાર્તા, કાવ્યપંક્તિનું જ્ઞાન

દેશ્ય—શ્રાવ્ય સાધનોનો ઉપયોગ, પ્રયોગ

આ પ્રયુક્તિઓમાંથી કઈ પ્રયુક્તિ યોગ્ય છે તે માટે વિદ્યાર્થીઓની ઉંમર, પુષ્ઠતાનું સ્તર, તેમનું પૂર્વજ્ઞાન, તેમની અભિરુચિ અને તેમને શીખવવાનો નવીન મુદ્દો એ બધાંને ધ્યાનમાં રાખી શિક્ષક વધારે ઉચિત હોય તેવી એક કે એકથી વધુ પ્રયુક્તિઓ અંગે નિર્ણય લઈ શકે છે. સામાન્ય રીતે નીચલા ધોરણના વિદ્યાર્થીઓને કથન, પ્રશ્નોત્તરી, ઉદાહરણ કે દ્રષ્ટાંત વધુ માફક આવે છે. પ્રશિક્ષણાર્થી એક કરતાં વધુ પ્રયુક્તિને અજમાવવાની તાલીમ મેળવે એ મહત્ત્વનું છે. આપણે વિષયાભિમુખ કૌશલ્ય કેળવવા શિક્ષકે ક્યા પ્રકારનું ઇચ્છનીય વર્તન કરવું જોઈએ તેની સમજ મેળવી. હવે કયા પ્રકારનું અનિચ્છનીય વર્તન શિક્ષકે ટાળવું જોઈએ તેની સમજ પ્રાપ્ત કરીએ.

## 2.અનિચ્છનીય વર્તનો

શિક્ષકે વિષયાભિમુખ કૌશલ્ય હસ્તગત કરવા માટે નીચે દર્શાવેલાં અનિચ્છનીય વર્તનો કરવાનું ટાળવું જોઈએ : [1] સાતત્યભંગનું વર્તન અને [2] કૃત્રિમ રીતે મથાળું કઢાવવું.

1] સાતત્યભંગનું વર્તન :

માહિતી કે પ્રશ્નોત્તરીની રજૂઆતની તાર્કિકતાને અને ક્રમિક્તાને સાતત્ય કહેવામાં આવે છે. પાઠની પ્રસ્તાવનામાં સાતત્યભંગ થાય છે. જ્યારે..

પાઠના પ્રારંભ સમયે શિક્ષક તાર્કિક ક્રમ વગરનાં વિધાનો કરે કે પ્રશ્નો પૂછે ત્યારે .....

જ્યારે શિક્ષક આગળના પ્રશ્નો કે વિધાનને સંબંધિત તેને અનુરૂપ

બીજો પ્રશ્ન કે વિધાન કરતા નથી ત્યારે..

પાઠના પ્રારંભ સમયે શિક્ષકે પૂછેલો પ્રશ્ન કે વિધાન પાઠના ધ્યેયને અનુલક્ષીને ન હોય અને અસંબંધિત હોય ત્યારે

આ પ્રકારનાં પ્રશ્નો કે વિધાનો અતાર્કિક લાગે છે. તે વિદ્યાર્થીઓ સાથેનો સંબંધ (Report) સ્થાપવામાં નિષ્ફળ નીવડે છે. વિદ્યાર્થીઓ આથી ગૂંચવાડામાં પડી જાય છે. આથી શિક્ષકનુ વર્તન સાતત્યભંગ કરતું વર્તન બની રહે છે....

વિચારોની ક્રમિકતાનો ભંગ કરતું વર્તન

માહિતીની ક્રમિકતાનો ભંગ કરતું વર્તન

---

વિષયાંગને ધ્યાનમાં રાખવા સિવાય કરેલ અસંબંધિત વિધાનો કે પૂછેલા પ્રશ્નો

સાતત્યભંગ વર્તનની ઓળખ

જયારે વિદ્યાર્થીઓ પ્રશ્નોના ખોટા જવાબો આપે છે ત્યારે

જયારે વિદ્યાર્થીઓ ગૂંચવાઈ જાય અને પ્રશ્નનો ઉત્તર ન આપી શકે ત્યારે

જયારે વિદ્યાર્થીઓના ચહેરા પર વ્યાકુળતાનાં દર્શન થાય ત્યારે ....

આ બધા પરથી શિક્ષકના સાતત્યભંગ વર્તનની ઓળખ થઈ શકે છે.

2.કૃત્રિમ રીતે મથાળું (શીર્ષક) ક્ઢાંવવું :શિક્ષકના શીખવવાના નવા વિષયાંગ કે મુદ્દામાં રહેલા મધ્યવર્તી વિચાર, માહિતી કે હાર્દને ધ્યાનમાં રાખ્યા સિવાય માત્ર નવા વિષયાંગ કે મુદ્દાના મથાળાને કેન્દ્રમાં રાખીને વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવાના વર્તનને કૃત્રિમ રીતે મથાળું કઢાવવાનું વર્તન કહેવામાં આવે છે. આ પ્રકારનું વર્તન પણ અનિચ્છનીય છે.

**શિક્ષકે આ પ્રકારનું વર્તન કરવાનું ટાળવું જોઈએ**.

નવીન મુદ્દો શીખવવાનો હોય તેનું હાર્દ, તેનો મધ્યવર્તી વિચાર કે માહિતીને અનુરૂપ હોય તેવા પૂર્વજ્ઞાન કે પૂર્વાનુભવોનો ઉપયોગ કરી સાહજિક રીતે પાઠના વિષયાંગ તરફ વિદ્યાર્થીઓને દોરી જવા જોઈએ. શું શીખવાનું છે તે વિષયાંગનું નામ શિક્ષક સાહજિકતાથી જણાવી શકે. વિષયપ્રવેશ વખતે તો પૂર્વજ્ઞાન અને જ્ઞાન વચ્ચે જ્ઞાનાત્મક કે સાંવેગિક સેતુ બંધાય, સંબંધ સ્થપાય તે મહત્ત્વનું છે.

## ઉદાહરણ

**ઉદાહરણનો અર્થ** :

પદાર્થ કે પરિસ્થિતિ માં સિદ્ધાંત, વિચાર કૈ ખ્યાલ લાગુ પડતો હોય તોતે ઉદાહરણ કહેવાય છે.

"Examples are situations or objects in which principles, ideas or concepts are being applied.* hodaless

દા.ત. બાષ્પીભવનનો ખ્યાલ પાણી, સ્પિરીટ કે ઈથરને ખુલ્લું મૂક્વાથી વાયુરૂપે ઊડી જવાની ક્રિયામાં લાગુ પડે છે, તેથી તે ઉદાહરણ કહી શકાય.

**ઉદાહરણ કૌશલ્યનો અર્થ** :

વર્ગના શિક્ષણકાર્યમાં અમૂર્ત વિચારો કે અમૂર્ત વિષયવસ્તુને દૃષ્ટાંતો કે ઉદાહરણો દ્વારા રજૂ કરવાના કૌશલ્યને ઉદાહરણ કૌશલ્ય તરીકે ઓળખવામાં આવે છે.

"The skill of illustrating with Examples involves descritbing an idea, concept or principle by using various types of examples."

**ઉદાહરણ કૌશલ્યનું મહત્ત્વ** :

શિક્ષણમાં ઉદાહરણ કૌશલ્યનો ઉપયોગ કરવાથી ..............

વિદ્યાર્થીઓ - તે વિષયમાં ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. તેમને શિક્ષણકાર્યમાં રસ પડે છે

વિદ્યાર્થીઓને જ્ઞાતથી અજ્ઞાત તરફ લઈ જઈ શકાય છે.

વિદ્યાર્થીઓની સમજશક્તિ અને અર્થગ્રહણ શક્તિનો વિકાસ થાય છે.

કઠિન કે અઘરા મુદ્દાઓને સરળ બનાવી શકાય છે. ખ્યાલ કે અમૂર્તવિચારની સ્પષ્ટતા થાય છે.

વિદ્યાર્થીઓ સક્રિય રીતે શિક્ષણમાં ભાગ લેતા થાય છે.

કથનને સરળ, સ્પષ્ટ અને રસપ્રદ બનાવી શકાય છે.

**ઉદાહરણનાં લક્ષણો**

[1] **સરળ** (Simple) :

બને ત્યાં સુધી ઉદાહરણો કે દૃષ્ટાંતો અતિ સરળ હોવાં જોઈએ. સામાન્ય રીતે ઉદાહરણો વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાન કે પૂર્વાનુભવ સાથે સંકળાયેલાં હોય તેવાં ઉદાહરણો સરળ ઉદાહરણો કહી શકાય. વિદ્યાર્થીઓ ઉદાહરણને સ્પર્શતા અધ્યાપનકાર્યમાં વધુ રસપૂર્વક ભાગ લે અને યોગ્ય પ્રતિચાર આપે તો તે ઉદાહરણ પૂર્વજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે, તેમ કહી શકાય.

[2] **સિદ્ધાંત, નિયમ કે ખ્યાલ સાથે સુસંગત હોય** (Relevant) :

ઉદાહરણોનો ઉપયોગ સિદ્ધાંત, નિયમ કે ખ્યાલને સ્પષ્ટ કરવા માટે કરવામાં આવે છે અને જો તેમને તે લાગુ પડતાં હોય તો તે સુસંગત ઉદાહરણો કહેવાય છે.

[3] **રસપ્રદ** (Interesting) :

ઉદાહરણો સામાન્યતઃ વિદ્યાર્થીઓને રસ પડે તેવાં હોવાં જોઈએ. વિદ્યાર્થીઓનું ધ્યાન આકર્ષી શકે તેવાં ઉદાહરણ હોય તો વિધાર્થીઓને તેમાં રસ પડે છે. વિદ્યાર્થીઓ રસપ્રદ ઉદાહરણોને લીધે ધ્યાનપૂર્વક સાંભળે છે. એ ચર્ચામાં સક્રિય રીતે ભાગ લે છે. ખાસ કરીને વિધાર્થીઓની વય, જ્ઞાનક્શાને અનુરૂપ ઉદાહરણો પસંદ કરવાં જોઈએ.

ટૂંકમાં, ઉદાહરણો સરળ, સુસંગત અને રસપ્રદ હોય તો શિક્ષણકાર્ય સફળબને છે.

**ઉદાહરણની રજૂઆત**

[1] ઉદાહરણની રજૂઆત માટેનું માધ્યમ :

ઉદાહરણની રજૂઆત બે માધ્યમોથી થઈ શકે છે : (a) અશાબ્દિક (b) શાબ્દિક

(a) અશાબ્દિક માધ્યમ : આપણે કોઈ બાબત ઉદાહરણ આપતી વખતે વસ્તુ, નમૂનો, ચાર્ટ, નક્શો, ચિત્ર, આકૃતિ, કે પ્રયોગ દ્વારા રજૂ કરીએ તે અશાબ્દિક માધ્યમ કહેવાય છે.

(b) શાબ્દિક માધ્યમ : આવાં ઉદાહરણોમાં શબ્દના માધ્યમનો ઉપયોગ કરવામાં આવે છે. માં ટૂંકી વાર્તા, પ્રસંગ કે દૃશ્યનું આબેહૂબ વર્ણન, તુલનાત્મક દૃષ્ટાંતો વગેરેનો સમાવેશ થાય છે.

સામાન્ય રીતે અશાબ્દિક માધ્યમોનો ઉપયોગ કરતી વખતે જરૂર જણાય અને ખાસ ઉપયોગી હોય તેવાં માધ્યમોનો જ અશાબ્દિક માધ્યમ તરીકે ઉપયોગ કરવો જોઈએ. બિનજરૂરી માધ્યમોનો ઢગલો કરી શિક્ષકે વિદ્યાર્થીઓને મૂંઝવવા જોઈએ નહિ. જ્યાં શાબ્દિક ઉદાહરણો દ્વારા સંકલ્પના કે ખ્યાલ અથવા અમૂર્ત વિચારો સમજાવી શકાતા હોય ત્યાં અશાબ્દિક માધ્યમોની જરૂર ન હોય તો તેમનો ઉપયોગ ટાળવો જોઈએ

[2] ઉદાહણ રજૂ કરવાની પદ્ધતિ :

ઉદાહરણની રજૂઆત અસરકારક બનાવવા માટે શિક્ષકે આગમન –નિગમન પદ્ધતિનો સંયુક્ત રીતે ઉપયોગ કરવો જોઈએ. શિક્ષકે સિદ્ધાંત, નિયમ કે ખ્યાલની તારવણી કે સ્પષ્ટીકરણની શરૂઆતમાં આગમન પદ્ધતિનો ઉપયોગ કરવો જરૂરી છે. આમ કરવાથી 'જ્ઞાતથી અજ્ઞાત તરફ જવાનુ','સરળથી સંકુલ તરફ જવાનું' અને 'મૂર્ત થી અમૂર્ત તરફ જવાનું' આ અધ્યાપનસૂત્રોનું અસરકારક અમલીકરણ શક્ય બને છે. આ ઉપરાંત સિદ્ધાંત, નિયમ કે ખ્યાલની તારવણી કર્યા પછી વિદ્યાર્થીઓ સિદ્ધાંત, નિયમ કે ખ્યાલને સ્પષ્ટ રીતે સમજ્યા છે કે નહીં તેની ચકાસણી નિગમન પદ્ધતિ દ્વારા કરવી જોઈએ.

**ઉદાહરણ કૌશલ્યની પ્રક્રિયા**

ઉદાહરણ કૌશલ્યમાં નીચે દર્શાવેલી બે પ્રક્રિયાનો સમાવેશ થાય છે.

સિદ્ધાંત, નિયમ કે ખ્યાલ સ્પષ્ટ કરવાની પ્રક્રિયા

સિદ્ધાંત, નિયમ કે ખ્યાલને બરાબર સમજ્યા છે કે નહીં તેની ચકાસણીકરવાની પ્રક્રિયા........

ઉદાહરણ કૌશલ્યના મુખ્ય ઘટકો

* યોગ્ય અને સરળ ઉદાહરણની રચના કરવી.

* સિદ્ધાંત, નિયમ કે ખ્યાલ સાથે સુસંગત ઉદાહરણની રચના કરવી,

રસપ્રદ ઉદાહરણની રચના

ઉદાહરણની રજૂઆત માટે યોગ્ય માધ્યમનો ઉપયોગ.

આગમન –નિગમન સંયુક્ત પદ્ધતિ દ્વારા ઉદાહરણની રજૂઆત.

**ઉદાહરણ કૌશલ્ય માટે ધ્યાનમાં રાખવાની બાબતો**

ઉદાહરણ વિદ્યાર્થીના પૂર્વજ્ઞાન કે પૂર્વાનુભવ પર આધારિત હોવું જોઈએ.

ઉદાહરણ સરળ અને સ્પષ્ટ હોવું જોઈએ.

વિદ્યાર્થીઓની વય—જ્ઞાન અને માનસિક કક્ષાને ધ્યાનમાં રાખી ઉદાહરણની રચના કરવી જોઈએ.

–તે સંકલ્પના, વિચાર કે સિદ્ધાંતને સુસંગત ઉદાહરણની રચના કરવી જોઈએ.

વિષયવસ્તુ કે એકમને ધ્યાનમાં રાખી ઉદાહરણ આપવાં જોઈએ.

ઉદાહરણની રજૂઆત માટે શિક્ષકે પોતાની વિવેકબુદ્ધિથી યોગ્ય માધ્યમનો ઉપયોગ કરવો જોઈએ.

ઉદાહરણની રજૂઆત માટે વર્ગખંડમાં યોગ્ય પદ્ધતિનો વિનિયોગ કરવો જોઈએ.

આગમન પદ્ધતિનો ઉપયોગ કરી વ્યવસ્થિત રીતે ઉદાહરણની રજૂઆત કરવી જોઈએ.

ઉદાહરણ ખૂબ લાંબું ન હોવું જોઈએ. ટૂંકું, સ્પષ્ટ અને સમજાય તેવું હોવું જોઈએ.

વિદ્યાર્થીને વિક્ષેપ કરે તેવાં અઘરાં ઉદાહરણો આપવાનું ટાળવું જોઈએ.

બિનજરૂરી માધ્યમોનો ઢગલો ન કરવો જોઈએ. ઔચિત્યપૂર્ણ રીતે યથાયોગ્ય માધ્યમનો યોગ્ય સમયે ઉપયોગ કરવો જોઈએ.

## પ્રશ્નપ્રવાહિતા

**પ્રશ્નપ્રવાહિતા કૌશલ્યનોઅર્થ** :

નિર્ધારિત સમયમર્યાદામાં શિક્ષક મહત્તમ સંખ્યામાં ટૂંકા, સ્પષ્ટ, વિષયને સુસંગત અને ભાષાકીય દૃષ્ટિએ શુદ્ધ પ્રશ્ન પૂછવાની પ્રક્રિયા દ્વારા યોગ્ય ઉત્તરો મેળવવાના પ્રાવિણ્યને પ્રશ્નપ્રવાહિતા કૌશલ્ય કહેવામાં આવે છે.

"By Fluency in questioning we mean the rate of asking meaningful questions put per unit of time."

**પ્રશ્નપ્રવાહિતા કૌશલ્યના ઘટકો**

આપણે પ્રશ્નપ્રવાહિતા કૌશલ્યમાં નીચેની બાબતો પર ખાસ ભાર મૂકવો જોઈએ.

સમય – મર્યાદા નિર્ધારિત હોય છે. - ને તેટલા

મર્યાદિત સમયમાં બને વધુ ક્રમિક અને તાર્કિક પ્રશ્નો પૂછવાના છે.

ભાષાકીય દૃષ્ટિએ શુદ્ધ, ટૂંકા, સ્પષ્ટ અને વિષયને અનુરૂપ પ્રશ્નોહોવા જોઈએ.

પ્રશ્નો અર્થપૂર્ણ હોવા જોઈએ.

પ્રશ્નપ્રવાહિતા કૌશલ્યમાં ખાસ કરીને નીચેનાં ત્રણ ઘટકોનો સમાવેશ કરવામાં આવે છે.

[A] પ્રશ્નનું બંધારણ (Structure) ભાષાકીય દૃષ્ટિએ શુદ્ધ, ટૂંકા, સ્પષ્ટ અને સુસંગત પ્રશ્નો.

[B] પ્રશ્ન પૂછવાની પ્રક્રિયા (Process) પ્રશ્નની રજૂઆત

[C] પ્રશ્નનું ઉત્પાદન (Product) પ્રશ્નને પરિણામે આવતા ઉત્તરો.

[A] **પ્રશ્નનું બંધારણ** (Structure) :

પ્રશ્નો વ્યાકરણ અને ભાષાની દૃષ્ટિએ શુદ્ધ હોવા જોઈએ.

તે ટૂંકા અને સ્પષ્ટ હોવા જોઈએ, સંક્ષિપ્તતા ધરાવતા હોવા જોઈએ.

મુદ્દો શીખવવાનો હોય તેમની સાથે સુસંગત હોવા જોઈએ.

ઉત્તરની દૃષ્ટિએ સુનિશ્ચિતતા ધરાવતા હોવા જોઈએ, એટલે કે, દરેક પ્રશ્નનો એક જ ઉત્તર સુનિશ્ચિત હોવો જોઈએ.

તે ક્રમિક અને પરસ્પર સંબંધિત હોવા જોઈએ.

તે તર્કબદ્ધ અને સચોટ હોવા જોઈએ.

**દૃષ્ટાંત**

ગાંધી નો જન્મ ક્યાં થયો હતો ?

ભારતના હાલના વડાપ્રધાન કોણ છે ?

આપણે આપણો સ્વાતંત્ર્યદિન ક્યા દિવસે ઊજવીએ છીએ ?

આપણા શરીરના મુખ્ય ભાગો ક્યા ક્યા છે ?

આમ પ્રશ્નબંધારણમાં વ્યાકરણની દૃષ્ટિએ તેમજ ભાષાની દૃષ્ટિએ પ્રશ્ન શુદ્ધ હોય તેનો જ સમાવેશ થઈ શકે.

પ્રશ્ન સંક્ષિપ્ત હોવો જોઈએ. બિનજરૂરી શબ્દો ટાળવા જોઈએ.

[B] **પ્રશ્ન પૂછ્યાની પ્રક્રિયા** (Process) :

પ્રશ્ન પૂછવાની પ્રક્રિયા એટલે વર્ગમાં અધ્યાપન કરતી વખતે શિક્ષકે વિદ્યાર્થીઓ સમક્ષ પ્રશ્નની રજૂઆત કરવાની અને તેના ઉત્તરો સ્વીકારવાની રીત.

પ્રશ્ન પૂછવાની બાબતમાં શિક્ષકે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએપ્રશ્નની રજૂઆત સમગ્ર વર્ગ સમક્ષ કરવી. બધા જ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ચર્ચામાં ભાગ લઈ શકે અને તેઓ સક્રિય રહી શકે તે માટે શિક્ષકે પ્રશ્નની રજૂઆત સમગ્ર વર્ગ સમક્ષ જ કરવી જોઈએ. કોઈ ચોકક્સ વિદ્યાર્થીને ઊભો કરીને પ્રશ્ન પૂછવો જોઈએ નહીં.

<u>પ્રશ્નનું પુનરાવર્તન ટાળવું જોઈએ.</u>

શિક્ષકે એકવાર પ્રશ્ન પૂછ્યા પછી થોડોક સમય વિચારવા માટે આપવો જોઈએ. ઉતાવળમાં એનો એ જ પ્રશ્ન ફરીથી પૂછીને પુનરાવર્તન ન કરવું જોઈએ. પ્રશ્નનું પુનઃ પુનઃ આવર્તન કરવાથી વિદ્યાર્થીઓ બેધ્યાન બનીજાય છે.

<u>પ્રશ્ન પૂછ્યા પછી થોડોક સમય શાંતિ જાળવવી</u>

વર્ગના વિદ્યાર્થીઓ સમક્ષ એકવાર પ્રશ્ન મૂયા પછી શિક્ષકે થોડોક સમય શાંતિ રાખી પ્રશ્નના ઉત્તર માટે રાહ જોવી જોઈએ. આમ થવાથી વિદ્યાર્થીઓ થોડોક સમય વિચારીને પ્રશ્નનો જવાબ આપી શકશે.

<u>પ્રશ્નની રજૂઆત યોગ્ય ઝડપે કરવી.</u>

કેટલીકવાર કેટલાક શિક્ષકો પ્રશ્ન પૂછતી વખતે અતિશય ઝડપથી પ્રશ્ન પૂછે છે, યા તો અતિ મંદ ગતિથી પ્રશ્ન પૂછે છે. એક સાથે અતિ ઝડપથી પ્રશ્નોની ઝડી વરસાવી ન શકાય.

કેટલીકવાર કેટલાક શિક્ષકો પ્રશ્ન પૂછતી વખતે અતિશય ઝડપથી પ્રશ્ન બહુ પૂછે છે. એક સાથે અતિ ઝડપથી પ્રશ્નોની ઝડી વરસાવી અને ધીમે ધીમે બાળકો પ્રશ્નની પ્રતીક્ષા કરે તે રીતે પણ પ્રશ્નો પૂછી ન શકાય. આમ, પ્રશ્ન પૂછતી વખતે અતિ ઝડપે કે મંદ ઝડપથી નહીં, પરંતુ યોગ્ય ઝડપથી પ્રશ્નો પૂછાવા જોઈએ.

<u>સુશ્રાવ્ય અવા  પ્રશ્નની રજૂઆત કરવી.</u>

પ્રશ્ન પૂછતી વખતે શિક્ષકનો અવાજ માફકસરનો હોવો જોઈએ. તેનો અવાજ વર્ગમાં અંતિમ પાટલી પર બેઠેલો વિદ્યાર્થી સાંભળી શકે તેવો હોવો જોઈએ. વર્ગનાં બધા બાળકો સાંભળી શકે તેવો હોવો જોઈએ. વર્ગના બધા જ વિદ્યાર્થી સાંભળી શકે તેવા સુશ્રાવ્ય અવા  સારી રીતે સાંભળી શકાય તેવી રીતે પ્રશ્નની રજૂઆત થવી જોઈએ. તેમાં યોગ્ય આરોહ - અવરોહ, ધ્વનિમાધુર્ય પણ જળવાવું જોઈએ

<u>મહત્ત્વના શબ્દો પર યોગ્ય ભાર મૂક્યો.</u>

દરેક પ્રશ્નમાં કેટલાક પ્રશ્નસૂચક શબ્દો અતિમહત્ત્વના હોય છે. તેથી તેવા શબ્દો પર ઉચિત ભાર મૂકીને પ્રશ્ન પૂછવામાં આવે તો વિદ્યાર્થીઓ સહેલાઈથી તે પ્રશ્નને સમ  શકે છે, અને પ્રશ્નના હાર્દ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. આથી પ્રશ્નમાં મહત્ત્વના શબ્દો પર યોગ્ય ભાર મૂકવો જોઈએ.

કોદરે શાંતિલાલનું ઘર શા માટે છોડયું ?

પર્યાવરણની જાળવણી કોણ કરે છે ?

ઉપરોક્ત પ્રશ્નોમાં  શબ્દો ઘાટા કર્યા છે, તે શબ્દો પર યોગ્ય ભાર મૂકાવો જોઈએ. આથી શિક્ષકની રજૂઆત અસરકારક બને છે. જો આમ ન થાય તો શિક્ષક કોઈ વિધાનની રજૂઆત કરતા હોય તેમ લાગશે અને પ્રશ્નની રજૂઆત બિનઅસરકારક નીવડશે

<u>પ્રશ્નની રજૂઆત યોગ્ય હાવભાવ સાથે થવી જોઈએ.</u>

શિક્ષકના પ્રશ્ન પૂછતી વખતના યોગ્ય હાવભાવથી વિદ્યાર્થીઓ સહેલાઈથી પ્રશ્ન સમ  જાય છે. હાવભાવ દ્વારા વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. શિક્ષક પ્રશ્નની યોગ્ય હાવભાવ સાથે રજૂઆત કરે તો તે અસરકારક નીવડે છે.

[C] **પ્રશ્નની નિષ્પત્તિ** (Outcome) :

વિદ્યાર્થી દ્વારા પ્રશ્નના ઉત્તર દ્વારા મળતા પ્રતિચારને પ્રશ્નની નિષ્પત્તિ કહે છે. શિક્ષકે વિદ્યાર્થીઓને પૂછેલા પ્રશ્નો બંધારણ અને પ્રક્રિયાની દ્રષ્ટિએ સુયોગ્ય હોવા છતાં કોઈવાર અપેક્ષિત ઉત્તરો મળતા નથી. એ માટે નીચે દર્શાવ્યા વાં કારણો જવાબદાર ગણાવી શકાય.

પ્રશ્નનું કઠિનતા મૂલ્ય ઊંચું હોય.

પ્રશ્નમાં વિદ્યાર્થીઓને રસ ન પડયો હોય અને તેથી તેઓ બેધ્યાન રહેતા હોય.

પૂછેલો પ્રશ્ન જરૂરી પૂર્વજ્ઞાન સુસંગત ન હોય.

શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે આત્મિયતા સ્થપાયેલી ન હોય.

પ્રશ્ન ખામીયુક્ત હોય.

વિદ્યાર્થીઓના અનુત્તરિત વર્તનમાં ઉપરોક્ત વાં કારણો શોધી શિક્ષક તેમને દૂર કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. એ માટે શિક્ષક પર્યાવરણનું અવલોકન કરવું જોઈએ અને નિરીક્ષકો-માર્ગદર્શકો સાથે પ્રત્યક્ષ વાતચીત કરવી જોઈએ. વધુમાં શિક્ષકે નીચે દર્શાવેલા વા ખામીવાળા પ્રશ્નો ન પૂછવા જોઈએ.

<u>[1] કેવા પ્રશ્નો ન પૂછવા :</u>

'હા' કે 'ના' માં ઉત્તરો મળે તેવા

કેટલાક પ્રશ્નોના ઉત્તરો 'હા' કે 'ના' માં મળે તેવા હોય છે. આવા પ્રશ્નોમાં વિદ્યાર્થીએ કંઈ વિચારવાનું હોતું જ નથી.

શું આ ચિત્ર સુંદર છે ?

આ આકૃતિ ચોરસ છે ?

આવા પ્રશ્નો પૂછવાની જ્યારે જરૂર પડે ત્યારે અથવા અતિ અનિવાય હોય ત્યારે આવો પ્રશ્ન પૂછીને તેની સાથે તરત જ બીજો પૂરક પ્રશ્ન પૂછવા જોઈએ. મ કે .....

આ આકૃતિ ચોરસ છે ?

આ આકૃતિને ચોરસ શા માટે કહેવાય ?અને

આ ચિત્ર સુંદર છે ?

સુંદર હોય તો

શાથી અને ન હોય તો શાથી ?

એમ પ્રશ્નો પૂછવા જોઈએ.

[2] **સૂચક પ્રશ્નો ન પૂછવા** (Suggestive Questions) :

રબર પોચું છે કે નરમ ?

આ આકૃતિ ત્રિકોણની છે કે ચોરસની ?

ઉપરોક્ત પ્રશ્નોમાં જ તેના ઉત્તરો સમાયેલા છે. તે વિદ્યાર્થીઓને કંઈ જ વિચારવાનું રહેતું નથી. પ્રશ્નમાં ઉતર સમાવિષ્ટ છે. આવા પ્રશ્નોની ફલશ્રુતિ કશી હોતી નથી, તેથી અ પ્રશ્ન પૂછવાનું ટાળવું જોઈએ.

3] **પડઘા પ્રશ્નો ન પૂછવા** (Echo Questions) :

આ પ્રકારના પ્રશ્નમાં પ્રથમ વિધાન કરીને તરત જ પ્રશ્ન પૂછવામાં આવે છે. મ કે .....

ગાંધી પોરબંદરમાં જન્મ્યા હતા.

ગાંધી ક્યાં જન્મ્યા હતા

અકબરના પિતાનું નામ હુમાયું હતું.

અક્બરના પિતાનું નામ શું હતું ?

આવા પ્રશ્નો પડધા પ્રશ્નો કહેવાય છે. આવા પ્રશ્નોની કોઈ નિષ્પત્તિ નથી. આવા પ્રશ્નો વિદ્યાર્થીઓને વિચારવાની તકો પૂરી પાડતા નથી. આથી શિક્ષકે આવા પડધા પ્રશ્નો પૂછવા જોઈએ નહીં.

[4] **અટકળ કે અનુમાનપોષક પ્રશ્નો ન** પૂછવા (Guessing Questions) :

શિક્ષક કેટલીકવાર વિદ્યાર્થીઓને એવા પ્રશ્નો પૂછે છે કે, વિદ્યાર્થીઓને અટકળ કે અનુમાન કરીને જવાબ આપવો પડે. આવા પ્રશ્નો ઇચ્છનીય નથી. આવા પ્રશ્નો નિરર્થક હોય છે. તેમની કોઈ નિષ્પત્તિ કે ઉત્પાદકતા નથી.

મ કે .

એકવીસમી સદીમાં ભારતની વસ્તી કેટલી હશે ?

દુનિયાનો નાશ થઈ જાય તો શું થાય ?..

ઉપરોક્ત પ્રશ્નોમાં ઉત્તરો વિદ્યાર્થીઓ અટકળ કે અનુમાન કરીને આપે છે. આનાથી વિદ્યાર્થીઓ ગપ્પાં મારતાં થઈ જાય છે. આથી શિક્ષકે અટળ પોષક પ્રશ્નો પૂછવા ન જોઈએ.

**[5] સમર્થન પ્રશ્નો ન પૂછ્યા** (Supporting Questions) :

શિક્ષક કોઈ વિધાન કરે અને તે વિધાનમાં સમર્થનની જરૂર હોય ત્યારે તે બરાબર ને ? ખરું ને ? સાચું છે ને ? પ્રશ્ન કહેવાય. વો પ્રશ્ન પૂછે તે સમર્થનપ્રશ્ન કહેવાય

મ કે...

વનસ્પતિ શ્વાસોચ્છ્વાસ કરે છે, ખરું ને ?

લોખંડનો થાંભલો સુવાહક છે, બરાબર ને ?

આવા પ્રશ્નોમાં માત્ર શિક્ષકના વિધાનનું જ કરવાનું રહે છે. તે વિદ્યાર્થીઓને વિચારવામાં મદદરૂપ થતા નથી. થી શિક્ષકે આવા પ્રશ્નો પૂછવાનું ટાળવું જોઈએ.

**[6] વિધાર્થીને ક્ષોભ / મૂંઝવણ થાય તેવા પ્રશ્નો ન પૂછ્ના** :

મ કે...

સીતાનો ત્યાગ કરનાર રામની જગ્યાએ તમે હોત તો શું કરત ?

તમારાં ગુપ્ત અંગો ક્યાં છે ?

આવા પ્રશ્નો પૂછવાથી વિદ્યાર્થી ક્ષોભ કે સંકોચ અનુભવે છે તેથીઆવા પ્રશ્નો પૂછવાનું ટાળવું

**[7] છટાદાર પ્રશ્ન ન પૂછવા :**

કેટલાક પ્રશ્નો વર્ગની સંવેદનશીલતાને સ્પર્શ કરે તેવા હોય છે. છટાદાર પ્રશ્નો હોય છે, પરંતુ તે કેટલીકવાર પ્રશ્ન પ્રવાહિતાને અવરોધક બને છે. મ કે....

ભારત પચાસ વર્ષથી સ્વતંત્ર થયું છે. આમ છતાં, આપણા દેશમાં નિરક્ષરતા છે, બેકારી છે, ભ્રષ્ટાચાર છે, વસ્તીવધારાની સમસ્યા છે. આ સમસ્યાઓ આપણા દુશ્મનો છે. શું આ બધું આપણે માટે કલંકરૂપ નથી ! વિદ્યાર્થી અનુત્તર રહે છે,

## સ્પષ્ટીકરણ

**સ્પષ્ટીકરણ કૌશલ્યનો અર્થ :-**

સ્પષ્ટીકરણ એ વિદ્યાર્થીના મનમાં કોઈ સંકલ્પના, સિદ્ધાંત, ઘટના વગેરે અંગે સમજ પેદા કરનારી પ્રક્રિયા છે. સ્પષ્ટીકરણ એટલે નવી ઘટનાને પૂર્વાનુભવ સાથે સાંકળી, નવી ઘટના અંગે ખૂટતી કડીઓ જોડવી જોઈએ. આમ સ્પષ્ટીકરણ એટલે પૂર્વાનુભવ અને નવી ઘટનાનું અનુસંધાન. વસ્તુ, ઘટના કે કાર્ય વચ્ચે નિયમો કે તર્ક દ્વારા સંબંધ જોડવાની પ્રક્રિયાને સ્પષ્ટીકરણ કહેવાય. કાર્યને આમ કોઈ ખ્યાલ, ઘટના કે કાર્યને અનુલક્ષીને શિક્ષકે રજૂ કરેલાં સંકલિત આંતરસંબંધિત વિધાનો કે ના દ્વારા વિદ્યાર્થીઓમાં ખ્યાલ, કાર્ય અંગે સ્પષ્ટ સમજ વિકસાવી શકાય તેને શિક્ષકનું સ્પષ્ટીકરણ કૌશલ્ય કહેવામાં આવે છે. સ્પષ્ટીકરણ માટે થતાં વિધાનો તર્કયુક્ત અને અધૂરી સમજ અંગેનું અંતર ઘટાડે તેવાં હોવાં જોઈએ. આ કૌશલ્યમાં વિદ્યાર્થીઓની સમજને ચકાસવા કેટલાંક પ્રશ્નરૂપ વિધાનો પણ કરવામાં આવે છે.

**સ્પષ્ટીકરણ મહત્વ :-**

સ્પષ્ટીકરણકૌશલ્યનો ઉપયોગ કરવાથી

ઘટના, વિચાર કે ખ્યાલને અનુલક્ષીને આંતરસંબંધિત વિધાનો રજૂકરી શકાય.

પૂર્વાનુભવ અને નવી ઘટના વચ્ચે અનુસંધાન કરી શકાય.

ઘટના, વિચાર કે ખ્યાલને સરળ બનાવવા સ્પષ્ટતા કરી શકાય

વિદ્યાર્થીઓ સમક્ષ તાર્દિક ક્રમમાં રજૂઆત કરી શકાય. તેમની તર્કશક્તિનો વિકાસ કરી શકાય. મ કે તેથી, માટે, આમ, કારણ કે, પરિણામ સ્વરૂપે વગેરે...

સ્પષ્ટતા કરતા કેટલાક શબ્દોનો ઉપયોગ કરી તેમની સમજને વિકસાવી શકાય.

**સ્પષ્ટીકરણ કૌશલ્યના ઘટકો :-**

[A] ઇચ્છનીય વર્તનો :-

વર્ગખંડમાં અસરકારક સ્પષ્ટીકરણ માટે વર્ગઅધ્યાપન પ્રક્રિયામાં શિક્ષકે નીચે દર્શાવ્યા અનુસાર ઇચ્છનીય વર્તનો કરવાં જોઈએ.

બ્લોક 1 પ્રસ્તાવનારૂપ વિધાનોની રજૂઆત

સામાન્ય રીતે સ્પષ્ટીકરણ કરતાં અગાઉ આ પ્રકારનાં વિધાનો સાંભળનારના મનને સ્થિર કરવા માટે કે કેન્દ્રિત કરવા માટે વાપરવામાં આવે છે. દા.ત. આ  આપણે લોહચુંબક વિશે શીખીશું.

આમાં વિદ્યાર્થીના પૂર્વજ્ઞાનનો મહદ્અંશે ઉપયોગ કરવામાં આવે છે,નવી બાબત શીખવવા માટે શિક્ષક વિદ્યાર્થીના પૂર્વજ્ઞાનનો ઉપયોગ કરી નૂતન જ્ઞાન અને પૂર્વજ્ઞાન વચ્ચે અભિસંધાન કરે છે. આ માટે શિક્ષકે વિદ્યાર્થીઓની ઉંમર, ધોરણ, ક્યા વગરે ધ્યાનમાં રાખવાં જોઈએ. તેમાં ઉપર જણાવ્યા મુજબનાં અથવા એવાં અન્ય પ્રકારનાં વિધાનોનો ઉપયોગ કરવામાં આવે છે.

મ કે ... આ અગાઉ આપણે જોઈ ગયા કે .... શિક્ષક નિદર્શન કરીને પણ પૂછે છે....

તમને આ ચિત્રમાં શું દેખાય છે. ? આ શું છે ? અહીં શિક્ષકવિદ્યાર્થીના પૂર્વજ્ઞાનનો ઉપયોગ કરી પ્રસ્તાવનારૂપ વિધાન કરે છે.

બ્લોક 2 સમજ વિકસાવતા કડીરૂપ શબ્દસમૂહનો ઉપયોગ –

શરૂઆતમાં રજૂ કરેલા વિધાનને સ્પષ્ટ કરતા અને વિસ્તૃતીકરણ કે સમજનાં વિધાનોમાં જોડાણ કરતા કેટલાક કડીરૂપ શબ્દોનો શિક્ષક ઉપયોગ કરે છે.

સામાન્ય રીતે નીચે દર્શાવેલા સમજ વિકસાવતા કડીરૂપ શબ્દ કે શબ્દસમૂહનો ઉપયોગ કરી બંને વિધાનો વચ્ચે યોગ્ય કડી પૂરી પાડે છે. આથી વિદ્યાર્થીની સમજ વિકસે છે અને –તે બાબતનું સ્પષ્ટીકરણ થાય છે. આ શબ્દો છેતેથી, કારણકે, પરિણામે, આમ, વી, આ રીતે, શા માટે, પરંતુ, પછી, ત્યારબાદ ..... વગેરે.

મ કે ...

વાતાવરણ ભેજથી સંતૃપ્ત થવાને પરિણામે શિયાળામાં ઝાકળ પડે છે.

લાલ લિટમસપત્ર ભૂરું થાય છે, માટે આપેલું પ્રવાહી બેઈઝ છે.

બ્લોક 3 ઉપસંહારયુક્ત વિધાનોનો ઉપયોગવિદ્યાર્થીઓ સમજ અંગે મહત્ત્વની બાબતો તારવે તે માટે શિક્ષક ઉપસંહારયુક્ત વિધાન રજૂ કરે છે. આમ થવાથી મુદ્દાની સ્પષ્ટતાનો અંત આવે છે. સ્પષ્ટીકરણની પ્રક્રિયા દરમિયાન બાબતો સ્પષ્ટ કરવામાં આવી હોય તેમને મગજમાં એકત્ર કરવા, સુદૃઢ કરવા માટે આ પ્રકારના ઉપસંહારયુકત વિધાનોનો ઉપયોગ કરવામાં આવે છે.

દા.ત. તમે જોયું કે ગોળો ઠંડો હતો ત્યારે ગરમી આપવાથી કાં મોટો થાય છે. તેથી તે કડીમાંથી પસાર થતો નથી. આના ઉપરથી કહી શકાય કે, ગરમી આપવાથી પદાર્થનું કદ વધે છે, અને ઠંડીથી પદાર્થ સંકોચાય છે. આને કારણે રેલવેના પાટા વચ્ચે જળા રાખવામાં આવે છે,

બ્લોક 4 વિદ્યાર્થીઓની સમજની ચકાસણી કરવી

શિક્ષકે કોઈ ખ્યાલ, બનાવ કે વિચાર અંગે સમજ વિકસાવવા કરેલ પ્રયાશ દ્વારા અપેક્ષિત પરિણામ આવ્યું કે નહિ તેની ચકાસણી કરવી જોઈએ, આમ કરવામાં આવે તો જ વિદ્યાર્થીની સમજશક્તિનો ખ્યાલ આવે છે. આ માટે શિક્ષકે બે કે ત્રણ પ્રશ્નો પૂછવા જોઈએ. આ પ્રશ્નો વિદ્યાર્થીઓની સમજને તાર્કિક રીતે ચકાસતા પ્રશ્નો હોય છે. તેથી કેમ આમ થયું ? શા માટે, શાથી.... એવા પ્રશ્નો પૂછવા જોઈએ. આવા પ્રશ્નો સામાન્યતઃ માહિતીપ્રધાન હોવા જોઈએ

B] **અનિચ્છનીય વર્તનો** :

સ્પષ્ટીકરણ કરવામાં બાધક કે અવરોધક નીવડે અને ગૂંચવાડો કે ગેરસમજ પેદા કરે તેવાં વર્તનો શિક્ષકે ટાળવાં જોઈએ. તેવાં વર્તનોનો ઉપયોગ શિક્ષકે કરવો જોઈએ નહિ. આ માટે શિક્ષકે ખાસ કાળ રાખવી જોઈએ. ખાસ કરીને સ્પષ્ટીકરણ કરવામાં ગૂંચવાડો, રૂકાવટ અને ગેરસમજ કે અસમજ પેદા કરે તેવાં વર્તનોને અનિચ્છનીય વર્તનો કહે છે. નીચે જણાવેલાં વર્તનોને અનિચ્છનીય વર્તનો ગણાવી શકાય.

[1] અસંબંધિત વિધાનો કરવાં :

વિધાનો ખ્યાલ કે ઘટના સંબંધી ગૂંચવાડો પેદા કરે અથવા તેમની સમજમાં કે સ્પષ્ટતામાં કોઈ ફાળો આપતાં નથી તેવાં વિધાનો અસંબંધિત વિધાનો કહેવાય છે. આવાં વિધાનો વિદ્યાર્થીઓનું ધ્યાન વિચલિત કરીને તેમને આડે પાટે ચઢાવી દે છે. તેથી શિક્ષકે આવાં વિધાનો કરવાં જોઈએ નહિ.

[2] વિચારો કે માહિતીની રજૂઆત કરવામાં સાતત્ય ન જાળવવું

વિચારોની ક્રમબદ્ધતામાં ક્યારેક ભંગાણ પડે છે. યોગ્ય ક્રમમાં કે ક્રમિક રીતે વિચારોની રજૂઆત થતી નથી. આને સાતત્યભંગ કહી શકાય. કેટલીક પરિસ્થિતિઓ દરમિયાન વિચારોની તાર્કિક અને ક્રમબદ્ધ રજૂઆતમાં ભંગાણ પડે છે, તેથી સાતત્ય જળવાતું નથી.

જ્યારે નવાં વિધાનો તાર્કિક રીતે ન જોડાયેલાં હોય ત્યારે...

જ્યારે શીખવેલા એકમની નવી શીખવવાની બાબત સાથે ..

અનુસંધાન કર્યા સિવાય રજૂઆત થતી હોય ત્યારે..

જ્યારે સ્થળ કે સમયનું સાતત્ય ન જળવાય ત્યારે..

વિધાનો અસંબંધિત રીતે રજૂ થતાં હોય ત્યારે..

[3] અયોગ્ય (અજાણ) શબ્દોનો ઉપયોગ કરવો :

વિદ્યાર્થીઓ સમક્ષ તેમની વય—જ્ઞાન કે કક્ષા જાણ્યા સિવાય અજાણ શબ્દોનો ઉપયોગ વિધાનો રજૂ કરતી વખતે શિક્ષકે ન કરવો જોઈએ. આ નિર્ણય કરતી વખતે અનાત્મલક્ષિતા મહત્ત્વનો ભાગ ભજવે છે.

[4] ભાષાની પ્રવાહિતાનો અભાવ :

જ્યારે શિક્ષક અધૂરાં વાક્યોનો ઉપયોગ કરે અથવા અડધેથી વાક્યરચનામાં ફેરફાર કરે ત્યારે ભાષામાં પ્રવાહિતાનો ભંગ થાય છે. આને ભાષાની પ્રવાહિતાનો અભાવ કહેવામાં આવે છે. આને લીધે વિદ્યાર્થીનું ધ્યાન બી   દોરાય છે, અને સમજવામાં અવરોધક નીવડે છે.

[5] ફાલતુ કે બિનજરૂરી શબ્દો કે વિધાનોનો ઉપયોગ :

શિક્ષક કેટલીકવાર બિનજરૂરી શબ્દોનો ઉપયોગ કરે છે. આનાથી સ્પષ્ટીકરણમાં સંદિગ્ધતા ઊભી થાય છે, મ કે

કેટલાંક, ઘણાં, થોડું, કદાચ, ખરી રીતે, લાગે છે કે, મોટે ભાગે, બાકીની, કંઈક અંશે આવા શબ્દો સ્પષ્ટીકરણમાં અવરોધક નીવડે છે.

**સ્પષ્ટીકરણ કૌશલ્ય માટે ધ્યાનમાં રાખવા યોગ્ય બાબતો** :-

સ્પષ્ટીકરણ માટેનું વિધાન - તે ઘટના, ખ્યાલ કે સિદ્ધાંત યા ક્રિયાને અનુરૂપ હોવું જોઈએ.

વિધાનોની રજૂઆત તાર્કિક ક્રમમાં ક્રમશઃ થવી જોઈએ. પુરોગામી વિધાન સાથે અનુગામી વિધાનનો સંબંધ જળવાઈ રહેવો જોઈએ.

વિધાનના શબ્દો વિદ્યાર્થીઓથી સુપરિચિત હોવા જોઈએ.

વિધાનની રજૂઆતમાં પ્રવાહિતા જળવાવી જોઈએ.

અધૂરાં વિધાનો કે વિધાનોનું પુનરાવર્તન ટાળવું જોઈએ.

શિક્ષક શાનું સ્પષ્ટીકરણ કરે છે, તેનો સ્પષ્ટ નિર્દેશ કરવો જોઈએ.

સ્પષ્ટીકરણમાં બિનજરૂરી શબ્દો યા વિધાનોને ટાળવાં જોઈએ.

સ્પષ્ટીકરણ પૂર્ણ થયાનું સમાપન વિધાન દર્શાવવું જોઈએ.

## શ્યામફલક

**શ્યામફલક કાર્ય - કૌશલ્ય** : **અર્થ**

અસરકારક કા.પા. નોંધ કરવાના શિક્ષકના કૌશલ્યને શ્યામફલક કાર્ય - કહેવામાં આવે છે.

**શ્યામફલક કાર્ય - કૌશલ્ય** : **મહત્ત્વ**

કાળા પાટિયાને કૃષ્ણફલક, ચોકબોર્ડ, શ્યામફલક પણ કહે છે

---

કૃષ્ણફલક (શ્યામફલક) નોંધનું કૌશલ્ય કેળવવાથી....

- તે વિષયવસ્તુની સરળતાથી લેખિત સ્પષ્ટતા કરી શકાય છે.

તેના પર આકૃતિ, રેખાચિત્ર, આલેખ, નકશા વગેરેનું આલેખન કરીવિદ્યાર્થીઓને સ્પષ્ટ સમજ આપી શકાય છે. શિક્ષક બોલે, પછી પ્રશ્ન પૂછે, વિદ્યાર્થી ઉત્તર આપે, શિક્ષક નોંધકરે આથી વિદ્યાર્થીઓના જ્ઞાનનું ઝડપથી દઢીકરણ થાય છે.

અધ્યાપન મુદ્દાસર અને ક્રમિક બને છે.

અધ્યાપન પ્રક્રિયામાં સ્પષ્ટતા, ચોકસાઈ અને વૈવિધ્ય લાવી શકાય છે.

કા.પા. પર ક્રમિક મુદ્દાઓની નોંધ વિવિધ સ્વરૂપે કરી શકાય છે.

અગત્યના મુદ્દાઓ કે બાબતો તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરીશકાય છે.

અપરિચિત શબ્દો, કંડિકાઓ, વ્યાખ્યાઓ અને સિદ્ધાંતોનું આલેખન કરી અઘરા મુદ્દાઓને સહેલાઈથી સમજાવી શકાય છે.

શ્રાવ્ય અસરો કરતાં દ્દશ્ય અસરો વધુ ચિરં  વ હોય છે. વિદ્યાર્થીઓ બોલાયેલું જલદી ગ્રહણ કરી શકતા નથી. લખાયેલું ત્વરિત ગ્રહણ કરે છે.

ચર્ચા દરમિયાન, રજૂ થતા નવા શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતો, વ્યાખ્યાઓ, નિયમો વગેરેની નોંધ કરી તેમના વિશે સ્પષ્ટતા કરી શકાય છે.

વર્ગઅધ્યાપન દરમિયાન રજૂ થતા દૃશ્ય-શ્રાવ્ય અનુભવોનું સમગ્રતયાસંયોજન થઈ શકે છે.

ચર્ચા દરમિયાન રજૂ થતી માહિતીનું કોઠા કે સૂત્રાત્મક સ્વરૂપે વર્ગીકરણ કરી શકાય છે અને માહિતીની તુલના કરી શકાય છે.

સમગ્ર પુાઠના વિકાસ અંગે જાણી શકાય છે. વર્ગના વિદ્યાર્થીઓની સક્રિયતા વધારી શકાય છે

ગણતરીની વિવિધ રીતો ટૂંકમાં પદ્ધતિસર રજૂ કરી શકાય છે.

**શ્યામલક કાર્ય - કૌશલ્યનાં ઘટકો** :-

[A] **હસ્તાક્ષરોની સુવાચ્યતા** :

હસ્તાક્ષરો એ શિક્ષકના વ્યક્તિત્વનું પ્રતિબિંબ પાડે છે. ખરાબ હસ્તાક્ષરો એ અધૂરી કેળવણીની નિશાની છે. આથી હસ્તાક્ષરો સપ્રમાણ દેહદષ્ટિવાળા અને નયનરમ્ય હોવા જોઈએ. તે સરળતાથી વાંચી શકાય તેવા સુવાચ્ય હોવા જોઈએ. પ્રત્યેક અક્ષરને પોતાની આગવી ઓળખ અને આગવું વ્યક્તિત્વ હોય છે. તેથી

પ્રત્યેક અક્ષર સ્પષ્ટ (ભેદક) (distinct) હોવો જોઈએ.

કેટલાક અક્ષરો કે વર્ણો સામ્ય ધરાવતી દેહદ્દષ્ટિ વાળા હોય છે. મ કે, ય, પ, ધ, ઘ, ચ અને થ આવા વર્ણોને ઉચિત રીતે યોગ્ય મરોડ સાથે લખવા જોઈએ.

અક્ષરો વચ્ચે સુયોગ્ય અંતર રાખીને અર્થવાહી શબ્દનું નિર્માણ કરવું જોઈએ.

જુદા જુદા શબ્દો વચ્ચે યોગ્ય અંતર જળવાવું જોઈએ.

કા. પા. નોંધમાં લખાયેલો પ્રત્યેક અ ા યોગ્ય મોડ સહિત સીધો લખાયેલો હોવો જોઈએ. બસો કે વાંકોચૂંકો નહીં. બાંયા લખાણથી લખાણની સુવાચ્યતા ઘટે છે,

કા.પા. પર લખાયેલા અક્ષરોનું કદ સપ્રમાણ હોવું જોઈએ. ખૂબ મોટા કે ખૂબ નાના અક્ષરો હોવા જોઈએ નહીં.

અક્ષરો ચૂંટાયેલા હોવા જોઈએ નહીં. લખાણ સીધી લીટીમાં હોવું જોઈએ. લખાણ, લીટીઓની પહોળાઈ એકસરખી હોવી જરૂરી છે.

[B] **શ્યામફલક કાર્યમાં સ્વચ્છતા** :

કા.પા. પરનું લખાણ સીધી લીટીમાં લખાયેલું હોવું જોઈએ. હાથ ઊંચો કરી ટલે સુધી પહોંચાય અને સરળતાથી લખી શકાય, ત્યાંથી લખાણની શરૂઆત કરવી જોઈએ. પગની એડી ઊંચી કરીને લખાણ લખવું નહી. કા.પા. ની ન કમાં 45° ના ખૂણે ઊભા રહી કા.પા. પર લખાણ લખવું જોઈએ. થોડીક થોડી વારે દૂર જઈને લખાણ સીધી લીટીમાં લખાયું છે કે નહીં, તપાસી લેવું જોઈએ.

શ્યામફલક કાર્યના લખાણમાં બંને લીટીઓ વચ્ચે યોગ્ય અંતર હોવું જોઈએ. ઓછું અંતર હોય તો વાંચી શકાતું નથી. લખાણ ભેગું ભેગું અને અસ્વચ્છ લાગે છે. લીટીઓ વચ્ચે વધુ પ્રમાણમાં પણ અંતર હોવું જોઈએ નહિ.

અક્ષર પર અક્ષર કે શબ્દ પર શબ્દ ન લખાય ધ્યાનમાં રાખીને લખાણ લખવું જોઈએ, અક્ષરો કે શબ્દોને ઘૂંટીને લખવા જોઈએ નહીં.

અગત્યના મુદ્દાઓ કે શબ્દો નીચે યોગ્ય લીટી દોરવી જોઈએ. કા.પા.પર વિષયાનુરૂપ જુદા જુદા વિભાગો પાડી લખાણ લખવું જોઈએ.

જરૂર જણાય ત્યાં મુદ્દાઓ કે પેટામુદ્દાઓને જુદા પાડવા રંગીન ચૉકનો ઉપયોગ કરવો જોઈએ.

લખાણને ભૂંસવા માટે ડસ્ટરનો ઉપયોગ કરવો જોઈએ. હાથથી અને અન્ય કપડાથી લખાણ ભૂંસવું જોઈએ નહીં. હાથ કે આંગળીથી લખાણ ક્યારેય ભૂંસવું જોઈએ નહીં.

**[C] લખાણની યોગ્યતા**

ફલકનોંધમાં લખાણ સ્પષ્ટ, મુદ્દાસર અને સંક્ષિપ્ત હોવું જોઈએ.

લખાણના મુદ્દાઓ તર્કબદ્ધ, ક્રમિક અને સાતત્યપૂર્ણ હોવા જોઈએ,

પાઠની ચર્ચા દરમિયાન વિષયવસ્તુના શિક્ષણના વિકાસની સાથો સાથકા.પા. પર મહત્ત્વના મુદ્દાઓની નોંધ થવી જોઈએ.

મુદ્દાઓ ટૂંકા હોવા જોઈએ.

કા.પા. લેખન સરળ ભાષામાં થયેલું હોવું જોઈએ, થી વિદ્યાર્થીઓ સરળ રીતે સમ શકે.

અગત્યના મુદ્દાઓ નીચે રેખાંકન કરવું જોઈએ. આથી વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત થાય છે. આ માટે યથાસ્થાને રંગીન ચૉકનો ઉપયોગકરવો જોઈએ.

અપ્રસ્તુત કે બિનજરૂરી મુદ્દાઓ કે લખાણ હોવું જોઈએ નહીં.

કા.પા. પરની શબ્દોની જોડણી અને વાક્યરચના તદ્દન શુદ્ધ અનેનિયમાનુસાર હોવાં જોઈએ.

**શ્યામફલક કાર્ય કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો**

કા.પા. પર પ્રકાશની યોગ્ય વ્યવસ્થા હોવી જોઈએ. પૂરતો પ્રકાશ હોવો જોઈએ. અપૂરતો કે અયોગ્ય પ્રકાશ ટાળવો જોઈએ. પ્રકાશનું ટાળવા પ્રયાસ કરવો જોઈએ.

કા.પા. નું સ્થાન વર્ગની મધ્યમાં હોવું જોઈએ કે,  થી બધા વિદ્યાર્થીઓ કા.પા. નોંધ જોઈ શકે. ...

વર્ગમાં પ્રવેશવાની સાથે અગાઉનું લખાણ ભૂંસી નાખી, કા.પા. ને સ્વચ્છ અને લખાણરહિત બનાવી દેવું જોઈએ.

શ્યામફલક કાર્યના લખાણને ઉપરથી નીચેની બાજુ ભૂંસવું જોઈએકે   થી ચોક્ના રજણો મોંમાં પ્રવેશે નહીં.

ફલકનોંધ પૂર્ણ થઈ ગયા બાદ તેની જરૂર ન હોય તો તાસને અંતેફલકને સ્વચ્છ કરવું જોઈએ.

ફલકનોંધ કરીને શિક્ષકે કા.પા. પાસે તેની વચ્ચે કે મધ્યમાં ઊભા રહેવું જોઈએ નહિ.  થી વિદ્યાર્થીઓને તે અવરોધક બની ન શકે. આ વખતે વિદ્યાર્થીઓ નોંધ કરે છે કે નહીં તેની ચકાસણી કરવી.

લખતી વખતે ચૉકનો બિનજરૂરી અવાજ ન થાય તે જોવું.

કા.પા. નોંધ સુવાચ્ય અક્ષરોમાં કરવી અને અક્ષરો તેમજ શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખવું.

સપ્રમાણ અક્ષરોમાં કા.પા. નોંધ કરવી જોઈએ.

વર્ગખંડમાં પહેલેથી ચૉક અને ડસ્ટર સાથે લઈને જવું.

કા.પા. નોંધમાં ભાષા અને વ્યાકરણશુદ્ધિનું ખાસ ધ્યાનરાખવું. શબ્દોની જોડણી તદ્દન શુદ્ધ હોવી જોઈએ.

પાઠના વિકાસની સાથે સાથે જ કા.પા. નોંધ કરતા જવુંજોઈએ.

કા.પા. નોંધ આત્મવિશ્વાસપૂર્વક કરવી જોઈએ.

મુદ્દાઓ, પેટામુદ્દાઓની નીચે વ્યવસ્થિત રીતે મુદ્દાઓ ક્રમિક રીતે નોંધાયેલા હોવા જોઈએ. મુદ્દાઓ કે પેટા મુદ્દાઓ માટે રંગીન ચોકનો ઉપયોગ કરવો હિતાવહ છે.

વિષય કે વિષયાંગને અનુરૂપ કા.પા. નોંધમાં જુદા જુદા વિભાગો પાડવા.   મકે અપિરિચત શબ્દો, વાક્યો કે કંડિકાઓ માટે જુદા વિભાગ પાડી શકાય. આકૃતિઓનો જુદો વિભાગ રાખી શકાય.

આકૃતિઓ, સમયરેખા કે ચાર્ટ યોગ્ય રીતે કલાત્મક દોરાવા જોઈએ. ફૂટપટ્ટીનો યોગ્ય ઉપયોગ કરવો.

લખાણને હાથ કે આંગળીથી ભૂંસવું જોઈએ નહીં. ડસ્ટરનો જ ઉપયોગ કરવો જોઈએ.

## ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય

**ઉત્તેજના પરિવર્તન કૌશલ્યનો અર્થ**

અર્થ : વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરી ટકાવી રાખવા માટે શિક્ષકની વર્તન તરાહમાં સમજપૂર્વક ફેરફાર કરવાનું કૌશલ્ય એટલે ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય

બી. કે. પાસીએ ઉત્તેજના પરિવર્તનની વ્યાખ્યા આપતાં નોંધ્યું છે,

"The skill of stimulus variation can be defined as deliberate change in the attention drawing behaviour of the teacher in order to secure and sustain pupil's attention towards the lesson at high level."

**ઉત્તેજના પરિવર્તન કૌશલ્યનું મહત્ત્વ**

ઉત્તેજના પરિવર્તન કૌશલ્યથી ....

અધ્યાપન - અધ્યયન પ્રક્રિયા દરમિયાન - તે વિષયવસ્તુ તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે, અને ટકાવી પણ શકાય છે.

વર્ગખંડનું વાતાવરણ વધુ વંત અને ઉષ્માપૂર્ણ બને છે.

શિક્ષક વિવિધ વર્તનતરાહો બદલી વધુ કાર્યશીલ અને વંત બને છે.

વર્ગખંડમાં પોતાના અધ્યાપનને અસરકારક બનાવી શકાય તેવી પદ્ધતિ કે પદ્ધતિઓ પ્રયો છે. શિક્ષકના પ્રત્યાયનમાં અસરકારકતા આવે છે.

વિદ્યાર્થીઓની અધ્યયનશીલતાને વેગ મળે તે માટે વિદ્યાર્થીઓને વિવિધ હેતુલક્ષી સમૃદ્ધ અનુભવો પૂરા પાડવા માટે વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ પૂરી પાડે છે.

વિદ્યાર્થીઓની વ્યક્તિગત રસ-રુચિ જાણીને તેમને અધ્યયનપ્રવૃત્ત કરીશકાય છે.

અધ્યાપનને પ્રાણવાન બનાવી શકાય છે.

વિદ્યાર્થીઓને ધ્યાનસ્થ બનાવી તેમની સક્રિયતા વધારી શકાય છે. .

**ઉત્તેજના પરિવર્તન કૌશલ્યનાં ઉત્તેજકો**

[1] હલનચલન :

શિક્ષકે વર્ગશિક્ષણ દરમિયાન હેતુપૂર્વક હલનચલન કરવું જોઈએ. નીચે દર્શાવેલ સંજોગોમાં કરેલું હલનચલન હેતુપૂર્વકનું કહી શકાય.

વર્ગની પાટલી પર બેઠેલો વિદ્યાર્થી શું કરે છે, તે જોવા જવું.

કા.પા. પર માહિતીની નોંધ કરવા કે આકૃતિ દોરવા જવું.

ફલકનોંધ, આકૃતિ, નકશા, ચાર્ટ કે પ્રયોગ નિદર્શન કરવા જવું.

એક જ સ્થાને, એક જ સ્થિતિમાં લાંબા સમય સુધી ઊભા રહેવાની સ્થિતિમાંથી ફેરફાર કરવા હલનચલન કરવું.

આમ, શિક્ષકે હેતુપૂર્વકનું હલનચલન કરવું જોઈએ. અધ્યાપન પ્રક્રિયા દરમિયાન એકવિધતામાંથી નીરસતા જન્મે છે. સપ્રમાણ કરેલું હલનચલન વિદ્યાર્થીઓનું ધ્યાન આકર્ષે છે.

[2] હાવભાવ (Gestures) :

શિક્ષકે અધ્યાપન પ્રક્રિયા દરમિયાન માત્ર કથનજ કરવાનું હોતું નથી. કેવળ શાબ્દિક રજૂઆતને બદલે ચહેરા, હાથ અનેશરીરના હાવભાવ સહિતની રજૂઆત દ્વારા પ્રત્યાયન સમૃદ્ધ બને છે. આથીજરૂર પડશે હાથ, માથું, ચહેરો, પગ વગેરેનો યથાયોગ્ય ઉપયોગ કરીનેકદ, આકાર કે લાગણીની અભિવ્યક્તિ કરવી જોઈએ. મકે હું કચડીનાખીશ' એમ બોલીને દર્શાવવા સાથે પગ પછાડીને હાવભાવ સાથેદર્શાવવાથી વિદ્યાર્થીઓ સારી રીતે સમ શકશે.

[3] . વાણીમાં આરોહ-અવરોહ :

શિક્ષકે મૌખિક રજૂઆતને વધુ અસરકારક બનાવવા માટે શબ્દોની લાગણીને અનુસરી વાણીમાં યોગ્ય ફેરફાર કે ચઢાવ - ઉતાર લાવવાં જોઈએ. હર્ષ, ક્રોધ, પીડા, ભય વગેરે દર્શાવવા વાણીમાં આરોહ-અવરોહ લાવવા જોઈએ.

દા.ત. શિક્ષક પાઠનું વાંચન કરે કે કાવ્યનું ગાન કરે સમયે ગદ્ય કે પદ્યમાં વા ભાવ હોય તે પ્રકારના દર્શાવવા વાણીમાં યોગ્ય આરોહ –અવરોહનો ઉપયોગ કરવો જોઈએ. દુઃખનો ભાવ દર્શાવવા કે હર્ષનો ભાવ દર્શાવવા યોગ્ય આરોહ અવરોહનો આશ્રય લેવો જોઈએ.

[4]ધ્યાન કેન્દ્રીકરણ : શિક્ષક વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરવા માટે શાબ્દિક, અશાબ્દિક અને શાબ્દિક-અશાબ્દિક સંયુક્ત વર્તન કરે છે, ને ધ્યાન કેન્દ્રીકરણ કહે છે. આમ ધ્યાન કેન્દ્રીકરણ બે –ત્રણ રીતે કરે છે. -

(1) શાબ્દિક રીતે(2) અશાબ્દિક રીતે(3) શાબ્દિક-અશાબ્દિક સંયુક્ત રીતે.

(1) શાબ્દિક કેન્દ્રીકરણ

વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરવા નીચેના વ શાબ્દિક વિધાનોનો ઉપયોગ કરી શકાય.

* ધ્યાનથી સાંભળો * બરાબર ધ્યાનથી જુઓ.* અહીં ધ્યાન આપો.

• હવે મહત્ત્વનું આવે છે.* આ ચિત્ર કે આકૃતિ જુઓ. *હવે શું થાય છે તે વિચારો

* હવે શું થાય છે તે જુઓ. * આ બાજુ જુઓ.

(2) અશાબ્દિક કેન્દ્રીકરણ :

વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરવા નીચેના વી અશાબ્દિક ક્રિયાઓનો ઉપયોગ થઈ શકે.

કા.પા. પર આકૃતિ દોરવી.

નકશામાં પોઇન્ટરથી દર્શાવવું.

મહત્ત્વના લખાણ નીચે કા.પા. માં લીટી દોરવી.

કા.પા. નું લખાણ આંગળીથી દર્શાવવું.

રંગીન ચૉકનો ઉપયોગ કરી કા.પા. નોંધમાં મહત્ત્વના શબ્દો લખવા.

મહત્ત્વની બાબતો કા.પા. પર મોટા અક્ષરે લખવી.

નકશા, ચાર્ટ, આકૃતિ, પ્રાયોગિક સાધનોમાં માહિતીદર્શક વડે માહિતી દર્શાવવી.

(3) શાબ્દિ અશાબ્દિક સંયુક્ત કેન્દ્રીકરણ

શાબ્દિક અને અશાબ્દિકબંનેનો સંયુકત ઉપયોગ કરીને ધ્યાનનું કેન્દ્રીકરણ થઈ શકે છે.

કા.પા. પર આકૃતિ દોરીને કહેવું :

ધ્યાનથી જુઓ. આ બાજુ આ ભાગ ધ્યાનથી નિહાળો

વિજ્ઞાનના પ્રયોગનું નિદર્શન કરવું અને કહેવું

પ્રયોગનું ધ્યાનથી અવલોકન કરો. અવલોકન નોંધ કરો.

ફલક પર માહિતી નોંધી કહેવું.

ધ્યાનથી વાંચો, ધ્યાનથી નોંધો, ધ્યાન દઈ વિચારો.

ચાર્ટ, નકશા, ચિત્ર, વસ્તુ દર્શાવી કહેવું.

ધ્યાનથી જુઓ, દર્શકથી બતાવેલો ભાગ ધ્યાનથી નિહાળો.

કા.પા. પર લખેલ વાક્ય બતાવી કહેવું વાક્યને ધ્યાનથી વાંચો,

ઉપરોક્ત બધી રીતો જોઈ. આ બધી રીતોમાં શાબ્દિક અશાબ્દિક સંયુક્ત કેન્દ્રીકરણની રીત સૌથી વધુ અસરકારક છે.

**[5] વિરામ** :

શિક્ષણની પ્રક્રિયા દરમિયાન શિક્ષક થોડીક ક્ષણો માટે હેતુપૂર્વક મૌન રાખે, બોલતાં અટકી જાય, સહેતુક થંભી જાય. આ ક્રિયાને વિરામ કહેવામાં આવે છે. વિદ્યાર્થીઓનું કેન્દ્રિત કરવા માટે વિરામ બહુ ઉપયોગી છે. વિરામ એટલે અલ્પ સમય માટે શાબ્દિક કોલાહલમાંથી વર્ગને મુક્ત કરી, વર્ગમાં નીરવતા પેદા કરવાની પ્રક્રિયાને વિરામ કહે છે. સમગ્ર વર્ગના વિદ્યાર્થીઓ વિરામ સમયે ધ્યાનાકર્ષક મુદ્રામાં આવી જાય છે. તે ધ્યાન કેન્દ્રિત કરે છે. વિરામ બાદ શિક્ષકનું વકતવ્ય વિદ્યાર્થીઓ ધ્યાનથી સાંભળે છે. આથી શિક્ષણ વધુ અસરકારક બને છે. વિરામ ચંદ ક્ષણો માટેનો (3 થી 5 સેકન્ડ માટેનો) હોવો જોઈએ. જો લાંબો સમય

વિરામ રહે વિદ્યાર્થીઓનાં ધ્યાનકેન્દ્રીકરણ કરવામાં તે નિષ્ફળ નીવડે છે. વિરામ એટલે રિસેસ નહીં. નીચેના પ્રસંગોમાં વિરામ ઉપયોગી નીવડે છે.

કથન કરતી વખતે

શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરતાં

પ્રશ્ન પૂછયા પહેલાં કે પછી

કોઈ મુદ્દાનું સ્પષ્ટીકરણ કરતાં

કા.પા.નોંધ કરતી વખતે

વર્ગમાં હલનચલન કરતાં.

**[6] વર્ગવ્યવહારની શૈલી** :

વર્ગખંડમાં શિક્ષક-વિદ્યાર્થી, શિક્ષક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થી – વિદ્યાર્થી વચ્ચે થતા વ્યવહારને વર્ગવ્યવહાર તરીકે ઓળખવામાં આવે છે. વર્ગમાં જો એક જ પ્રકારનો વ્યવહાર કરવામાં આવે, એટલે કે શિક્ષક જો કોઈ એક જ વિદ્યાર્થીને પ્રશ્ન પૂછે, જ પ્રવૃત્તિમય રાખે તો અન્ય વિદ્યાર્થીઓનું ધ્યાન વર્ગશિક્ષણમાં કેન્દ્રિત થતું નથી. આથી વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરવા માટે તેમાં પરિવર્તન લાવવું જરૂરી બને છે. એક જ પ્રકારનો વ્યવહાર કંટાળો ઉપજાવે છે અને થાકમાં પરિણમે છે. આથી ત્રણેય પ્રકારના વ્યવહારો થાય તે ઇચ્છનીય છે.

**[7] શાદ્િ–અશાદ્િક પરિવર્તન**:

વર્ગશિક્ષણ દરમિયાન વિદ્યાર્થી બેધ્યાન કે નીરસ ન બને તે માટે શાબ્દિક કે અશાબ્દિક ક્રિયાઓમાં ફેરફાર કરવો જોઈએ. શિક્ષક પોતાની શાબ્દિક ક્રિયાઓમાંથી અશાબ્દિક ક્રિયામાં અથવા અશાબ્દિક ક્રિયામાંથી શાબ્દિક ક્રિયામાં ફેરફાર લાવે છે, તે ક્રિયા શાબ્દિક - અશાબ્દિક પરિવર્તન તરીકે ઓળખાય છે. આ પરિવર્તન ચાર રીતે થઈ શકે છે.

(1) શાબ્દિક - શાબ્દિક પરિવર્તન

કથનમાંથી પ્રશ્નોતરીમાં ફેરફાર કરવો.

પ્રશ્નોત્તરીમાંથી કથનમાં ફેરફાર કરવો.

વાચનમાંથી પ્રશ્નોત્તરીમાં ફેરફાર કરવો.

સૂચનમાંથી કથન કે કથનમાંથી સૂચનામાં ફેરફાર કરવો.

કાવ્યગાનમાંથી કથન કે પ્રશ્નોત્તરીમાં ફેરફાર કરવો.

(2) શાબ્દિ અશાબ્દિક પરિવર્તન

કથન, પ્રશ્નોત્તરી, સૂચના કે વાંચન પછી ફલકનોંધ

ચિત્ર,નકશો, ચાર્ટ, કે આકૃતિની ન  ક જવું.

કથન, પ્રશ્નોત્તરી, સૂચના પછી કા.પા. પર લખવું.

ચિત્ર, ચાર્ટ કે મૉડેલ દર્શાવવું.

(3) અશાબ્દિશાબ્દિક પરિવર્તન

કા.પા.પર નોંધ કરી પછી પ્રશ્નો પૂછવા.

પ્રયોગ નિદર્શન કરી પછી પ્રશ્નો પૂછવા.

કા.પા. પર મુદ્દાઓની નોંધ કર્યા પછી કથન કરવું.

નકશો, ચિત્ર કે મૉડેલ દર્શાવ્યા પછી પ્રશ્નો પૂછવા.

(4) શાબ્દિક- અશાબ્દિક – શાબ્દિક – પરિવર્તન

કથન કરવું પછી કા.પા. પર આકૃતિ દોરવી. ત્યારબાદ પ્રશ્નો પૂછવા અને કથન કરવું. આમ ક્રિયામાં ફેરફાર લાવવાથી વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. તેઓ કંટાળો અનુભવતા નથી. તેમને થાક લાગતો નથી અને શિક્ષણમાં નીરસતા આવતી નથી.

## 1.3 **સેતુપાઠનો અર્થ**, **મહત્ત્વ** :-

### **સેતુપાઠનો અર્થ** :-

માઇક્રોટીચિંગ દ્વારા એક પછી એક હસ્તગત કરેલાં વિવિધ કૌશલ્યોનું સમાયોજન કરી વર્ગખંડમાં મેક્રોટીચીંગ કરી શકાય. આ વિવિધ કૌશલ્યોનું સમાયોજન કરી તે કૌશલ્યનો વર્ગમાં વિનિયોગ કરવા માટે સેતુપાઠ અથવા મિનીટીચીંગની તાલીમ મેક્રોટીચિંગ પૂર્વે તાલીમાર્થીઓને આપવી જરૂરી છે.

## સેતુપાઠનુંમહત્ત્વ :-

સેતુપાઠ એ માઇક્રોટીચિંગ અને મેક્રોટીચિંગ (નિયમિત વર્ગઅધ્યાપન) વચ્ચેનો સેતુ બને છે.
માઇક્રોટીચિંગની કેટલીક મર્યાદાઓ   વીકે મર્યાદિત સમયમર્યાદા, મર્યાદિત વિદ્યાર્થી સંખ્યા વગેરેને દૂર કરી શકાય છે.
એક સાથે વિવિધ કૌશલ્યોનું સમાયોજન કરીને તાલીમાર્થી સેતુપાઠનું આયોજન કરે છે. આથી તે વર્ગખંડમાં વિવિધ કૌશલ્યોનો વિનિયોગ તે સારી રીતે કરી શકે છે.
સંખ્યા નોંધપાત્ર રીતે વધારીને સિમ્યુલેશનને બદલે વાસ્તવિક વર્ગ-અધ્યાપન માટે કાર્ય કરવાની તાલીમ આપવા પર ભાર મૂકવામાં આવે છે.
વર્ગખંડના વાસ્તવિક અધ્યાપનકાર્યનો તાલીમાર્થી અનુભવ મેળવી શકે છે.
તાલીમાર્થી – પ્રશિક્ષણાર્થીનો આત્મવિશ્વાસ વધે છે.
આનો ઉપયોગ સુધારણાત્મક અધ્યાપનકાર્ય માટે થઈ શકે છે.
આમ, સંક્ષિપ્ત અધ્યાપન યા સેતુપાઠનું આયોજન એ માઇક્રોટીચિંગ અને વર્ગઅધ્યાપનને જોડતી કડી સ્વરૂપે કરવામાં આવે છે.

**<u>સેતુપાઠ (મિનીટીચિંગ) અને માઈક્રોટીચિંગનો તફાવત</u>**

માઇક્રોટીચિંગ દ્વારા એક પછી એક હસ્તગત કરેલાં વિવિધ કૌશલ્યોનું સમાયોજન કરી વર્ગખંડમાં મેક્રોટીચીંગ કરી શકાય. આ વિવિધ કૌશલ્યોનું સમાયોજન કરી તે કૌશલ્યનો વર્ગમાં વિનિયોગ કરવા માટે સેતુપાઠ અથવા મિનીટીચીંગની તાલીમ મેક્રોટીચિંગ પૂર્વે તાલીમાર્થીઓને આપવી જરૂરી છે.

| માઈક્રોટીચિંગ | સેતુપાઠ |
| --- | --- |
| સમય મર્યાદા 5 થી 7 મિનિટ જ હોય છે. | સમય મર્યાદા 15 થી 17 મિનિટ હોય છે. |
| પુનઃ શિક્ષણ કરવામાં આવે છે. | પુનઃ શિક્ષણ કરવામાં આવતું નથી. |
| નક્કી કરેલા કૌશલ્ય પર વધુ ભાર આપવામાં આવે છે. | વિવિધ કૌશલ્યના સમાયોજન પર ભાર મૂકવામાં આવે છે. |
| વાસ્તવિક વર્ગખંડમાં અધ્યાપનકૌશલ્યનું સંક્રમણ કઠિન બને. | વાસ્તવિક વર્ગખંડમાં અધ્યાપન કૌશલ્યોનો વિનિયોગ સરળ બને. |
| વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત હોય છે. | વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હોયછે. |
| સુધારણાત્મક કાર્યક્રમ તરીકે સંક્ષિપ્ત અધ્યાપન હાથ ધરાય છે. | માઇક્રોટીચિંગનો સેતુ બનાવવાની દિશામાં અધ્યાપન હાથ ધરવામાં આવે છે. |

## 1.5 માતૃભાષા શિક્ષણનો અર્થ

માતૃભાષાનો શાબ્દિક અર્થ 'મા પાસેથી મેળવેલી ભાષા' એવો કરી શકાય. માતૃભાષા એટલે માતા સમાન ભાષા. ગનની બન્મભૂમિશ્ચ સ્વર્ગાપિનીયલી એ વ્યાપક અર્થમાં વિચારીએ તો જન્મભૂમિરૂપી માતાની છાયામાં એક જ સ્થળવિસ્તારમાં વસતા માનવીઓ ભાષા દ્વારા પોતાનો વ્યવહાર ચલાવે માતૃભાષા. આ ઉપરથી એક બાબત સ્પષ્ટ થાય છે કે, એક ભાષા સમાજના લોકોના નિત્ય વ્યવહારના સાધન તરીકે ભાષા બોલાય તે માતૃભાષા.

ભાટિયા અને ભાટિયાએ તેમના The principles and methodsof teaching' પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે,

"Mothertongue is a means of introducing the child to the rich heritage of his people's ideas, emotions, aspirations and therefore can be made a valuable means of social educational whilst also instilling right ethical and moral values."

આમ, માતૃભાષા એટલે પોતાના લોકોનાં મૂલ્યો, વિચારો, અભિપ્રાયો કે સામાજિક શિક્ષણથી ઘડાયેલા છે તેના વારસાને પરિચય આપતી ભાષા. વ્યક્તિના વ્યક્તિત્વ સાથે વણાઈ ગયેલી ભાષા એટલે માતૃભાષા, માનવના વ્યાવહારિક

વનને સ્પર્શતી ભાષા એટલે માતૃભાષા. માતૃભાષા વિના માનવહસ્તીની કલ્પના કરવી અશક્ય છે. વ્યક્તિ પોતાના સમગ્ર વનપર્યંત માતૃભાષાને સાથે રાખે અને પોતીકા લોકો સાથે તે જ ભાષામાં પોતાનો વ્યવહાર ચલાવે છે. આમ, માતૃભાષા એટલે જન્મથી મૃત્યુ પર્યંત માણસ સાથે અસ્તિત્વ ધરાવતી ભાષા અથવા માણસના અસ્તિત્વની ઓળખ આપતી ભાષા.

## 1.6 માતૃભાષા શિક્ષણનું મહત્ત્વ : પ્રત્યાયન, અભિવ્યક્તિ અને શિક્ષણનાં માધ્યમ તરીકે

**[A] શિક્ષણના માધ્યમ તરીકે :-**

શિક્ષણનું સર્વમાન્ય ધ્યેય બાળકનો સર્વાંગી વિકાસ કરવાનો છે. ત્યારે સહજ અને સરળ રીતે પોતાની આકાંક્ષાઓ અને ઉન્મેષોને વાચા આપવામાં ઉપયોગી માતૃભાષા શિક્ષણનું માધ્યમ ન હોય તો ધ્યેય સિદ્ધ થઇ શકે જ નહિ ! કાકાસાહેબ કાલેલકરે માતૃભાષા શિક્ષણના માધ્યમ તરીકે કેટલી સક્ષમ છે તેનો ખ્યાલ આપતાં નોંધે છે કે,

માતૃભાષા એ શિક્ષણક્ષેત્રમાં ચાળણી છે, માહિતી ભાષા દ્વારા ન આપી શકાય તે બીજા રૂપમાં સમાજ હજમ કરી ન શકે.”

આમ માતૃભાષા વિના શિક્ષણ અધૂરું છે. બાળકના વિકાસની ધરોહર માતૃભાષા છે. માટે જ માતૃભાષા રાષ્ટ્રીય કેળવણીનું એક પ્રમુખ અંગ બની રહી છે. માતૃભાષાની ઉપાસના એ રાષ્ટ્રીયતાની ઉપાસના છે, તેથી માતૃભાષા વિહોણી રાષ્ટ્રીય કેળવણીની સંભાવના કે કલ્પના પણ ન થઈ શકે.

વાસ્તવમાં શિક્ષણની પ્રક્રિયા દ્વિધ્રુવી છે, તેથી તેમાં શિક્ષણ, પ્રત્યાયન અને નીપજની પરંપરા સચવાય છે. આ પ્રક્રિયા દ્વારા જ્ઞાનના સરોવરને પ્રસ્થાપિત કરવા સંકલ્પનાત્મક માળખું મદદરૂપ થાય છે.

શિક્ષણના માધ્યમ તરીકે, પૂર્વ પ્રાથમિક શરૂ કરીને ઉચ્ચ શિક્ષણ સુધીના શિક્ષણ માટે માતૃભાષા દ્વારા બધા જ વિષયોનું શિક્ષણ આપવામાં છે. પાઠ્યપુસ્તકો પણ હવે માતૃભાષામાં ઉપલબ્ધ બનાવાયો છે, અને પરીક્ષણની વ્યવસ્થા પણ માતૃભાષામાં જ થાય છે, થી હવે વિદ્યાર્થી પક્ષે શિક્ષણ મેળવવા માટે માતૃભાષા અસરકારક ભૂમિકા ભજવે છે. વિદ્યાર્થીના અનુભવો, કૌશલ્યો, જ્ઞાનની સમૃદ્ધિના વિકાસમાં માતૃભાષા અસરકારક પુરવાર થાય છે. વિદ્યાર્થી પોતાના વિચારો, પ્રત્યુત્તરી માતૃભાષામાં સારી તે અભિવ્યક્ત કરી શકે છે.

તે શિક્ષણ કાર્યને સારી રીતે સમ શકે છે.

તે તેની મુશ્કેલીઓ શિક્ષક સમક્ષ રજૂ કરે છે.

અધ્યયન પ્રક્રિયામાં કાર્ય શક્તિ અને સમયને બચાવી શકે છે.

તેની સર્જનાત્મક શક્તિઓ સારી રીતે વિકસે છે.

તેના વન દરમ્યાન તે માતૃભાષાથી સઘળો વ્યવહાર કરી શકે છે.

તેના વ્યક્તિત્વનો વિકાસ થાય છે.

શિક્ષણ મેળવવાની તકોમાં વધારો થાય છે.

શાળામાં અપવ્યય અને સ્થગિતતા ઘટાડી શકાય છે.

**(B) અસરકારક અભિવ્યક્તિના માધ્યમ તરીકે:-**

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. ભાષા તેની સામાજિક જરૂરિયાત છે. ભાષા એ માનવીય પ્રક્રિયા છે. ભાષા એક સામાજિક સાધન છે, માતૃભાષાથી સામાજિક વ્યવહાર સરળ બને છે. વ્યક્તિ પોતાની પ્રેરક ભાષા દ્વારા, ભાષાની મધુરતા દ્વારા બીજાઓને પોતાના પ્રતિ આકર્ષી જ નથી શકતો પણ તેની અભિવ્યક્તિ પણ કરી શકે છે, ના દ્વારા સામાજિક વ્યવહારમાં સરળતા રહે છે. સમાજમાં વ્યક્તિ–વ્યક્તિ વચ્ચે મીઠા સંબંધો બાંધવા અને ટકાવી રાખવામાં માતૃભાષા ઉપયોગી છે. માતૃભાષાના શિક્ષણ દ્વારા વ્યક્તિમાં મીઠાશ, પ્રવાહિતા, પ્રાસાદિકતા અને સરળતા આવે છે.

સમાજના એક કાર્યક્ષમ અંગ બનવા માટે, સામાજિક વ્યવહારને કુશળઅને ફળદાયી બનાવવા માટે વ્યક્તિ માતૃભાષામાં કૌશલ્ય કેળવે તે ખૂબ જરૂરી છે. માતૃભાષા દ્વારા જ કચડાયેલા વનો આત્મા જાગે છે. માતૃભાષા દ્વારા જ રાષ્ટ્રની સામાજિકતા પાંગરે છે, અને તે સખત અને પ્રાણવાન બને છે. વ્યક્તિની કે સમાજની ભાષા તો એની પ્રગતિની, એની અભિલાષાની, એના પુરુષાર્થની આરસી છે. એના પરથી વ્યક્તિ કે સમાજનાં રસ–વલણોને, પ્રતિને અને એની આખી સંસ્કૃતિને એના સાચા સ્વરૂપમાં પિછાની શકાય છે.

ભાષાકીય કુશળતાથી વિચારોની આપલે અને સામાજિક સંબંધ સરળ અને પ્રિયંકર બને છે. ભાષાની મીઠાશ, યોગ્ય શબ્દો વાપરવાની કુશળતા, ભાષામાં પ્રસન્ન ભાવ પ્રદર્શન, આત્મીયતાપ્રેરક ભાષા દ્વારા અન્ય વ્યક્તિ કે વ્યક્તિઓને અમુક વાતમાં ખાતરી કરાવવાની દલીલ શક્તિ, ભાષા દ્વારા મનોરંજન સામાજિક

સંબંધો સ્થાપવામાં અને તેની મીઠાશ બનાવી ટકાવી રાખવામાં ભાષાની કુશળતા ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ બધી બાબતોમાતૃભાષાના શિક્ષણ દ્વારા માતૃભાષામાં લાવી શકાય. માતૃભાષા ખરેખર સામાજિકીકરણ માટે ઉપયોગી ઉપકરણ છે.

[c] **પ્રત્યાયનના માધ્યમ તરીકે** :.

કોઈક માધ્યમ વડે વિચારો, માહિતીઓ, સંદેશાઓ કે લાગણીઓની આપ –લે કરવી એટલે પ્રત્યાયન, અવગમન, સંક્રમણ કે વિચારવહન એ બધા પ્રત્યાયન પર્યાયો છે. માનવસમાજ ભાષાના માધ્યમથી પ્રત્યાયન કરે છે. માતૃભાષાનું મુખ્ય કાર્ય પ્રત્યાયનનું છે. વ્યક્તિ પોતાના સર્વ વ્યવહારો માતૃભાષા દ્વારા સરળતાથી, સ્પષ્ટતાથી અને સચોટતાથી અન્ય વ્યક્તિ આગળ રજૂ કરી શકે છે. તેવી જ રીતે અન્ય વ્યક્તિના વિચારો, લાગણીઓ અને ઊર્મિઓનું અર્થગ્રહણ પણ પોતાની ભાષામાં જ તે વધુ સારી રીતે કરી શકે છે.

વિદ્યાર્થી પ્રત્યાયનના આ બન્ને છેડા સફળતાથી સાચવી શકે એ માટે માતૃભાષાનું શિક્ષણ આવશ્યક છે.

શાળા શિક્ષણ સમયે માતૃભાષાનું શિક્ષણ વિદ્યાર્થીને સંગીન રીતે આપવામાં આવ્યું હોય તો પ્રત્યાયનમાં વ્યાપકતા, ઊંડાણ અને સંસ્કારિતા આવે છે. વ્યક્તિ સફળ પ્રત્યાયક બની પોતાના વનમાં સારું અનુકૂલન સાધી શકે છે. માતૃભાષાના શિક્ષણથી વિદ્યાર્થીની લેખિત અને મૌખિકઅભિવ્યક્તિ અસરકારક બને છે. આ લેખિત અને મૌખિક અભિવ્યક્તિથીવિદ્યાર્થી વનભર સારો પ્રત્યાયક બની શકે છે. કુશળ વક્તા, અસરકારક નેતા, સફળ સંચાલક બનવામાં પ્રત્યાયન મહત્ત્વનું બને છે. માનવસમાજમાં વ્યક્તિ સભ્ય, સંસ્કારી હોવાની છાપ પ્રત્યાયન દ્વારા ઊભી કરી શકે છે. ત્યારે વનભર વ્યાપક, ગહન અને સંસ્કારી પ્રત્યાયન સંજ્ઞા અને અર્થપૂર્ણ વનયાત્રા ચલાવવા માટે માતૃભાષાનું શિક્ષણ અનિવાર્ય છે.

## એકમ – 2માતૃભાષા શિક્ષણનાં હેતુઓ

**શૈક્ષણિક હેતુઓનો અર્થ** :-

માતૃભાષા શિક્ષણના અંતે આપણે શું સિદ્ધ કરવા ઇચ્છીએ છીએ તે પરિણામોની અપેક્ષાને માતૃભાષાના શૈક્ષણિક હેતુઓ કહેવાય. N.C.E.R.T ના વિધાન મુજબ, “હેતુ એવું બિંદુ છે કે  ની દિશામાં કાર્ય કરવામાં આવે છે અથવા હેતુ એવું વ્યવસ્થિત પરિવર્તન છે,  ક્રિયા દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.”

વર્તમાન હેતુલક્ષી અને મૂલ્યાંકનલક્ષી શિક્ષણની સંકલ્પના ડૉ. બેન્જામિન બ્લૂમની વિચારસરણી અસ્તિત્વમાં આવેલી છે. ડૉ. બ્લૂમના વિચારો પ્રમાણે વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન - પરિવર્તનો લાવવાનું કાર્ય શિક્ષણનું છે. વિષય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં  પરિવર્તનો લાવવા ઇચ્છીએ છીએ તે વિષય શિક્ષણના હેતુઓ બને છે. હેતુ એટલે વિદ્યાર્થી સફળતાપૂર્વક અધ્યયન અનુભવો પૂર્ણ કરે ત્યારે તે શું શું કરી શકશે તે દર્શાવતું વિધાન. શિક્ષણકાર્યના અંતે વિદ્યાર્થીઓમાં કયા કયા ઇચ્છનીય ફેરફારો આવશે તે દર્શાવતાં વિધાનોને હેતુઓ કહે છે. હેતુઓનાં ત્રણ પરિમાણો હોય છે : (1) લક્ષ્ય માટેની ક્રિયાની દિશા –હેતુ દિશા (2) ક્રિયા દ્વારા આવનાર પરિવર્તન (3) હેતુ સિદ્ધિ અને પરિવર્તન માટે ક્રિયા કરવી પડે. હેતુ નિર્ધારણમાં આ પરિમાણો તથા વિષયનું સ્વરૂપ, બાળકના શારીરિક—માનસિક વિકાસની કક્ષા, સમાજ અને રાષ્ટ્રની જરૂરિયાતો અને હેતુ સિદ્ધિની વ્યાવહારિક સાધ્યતાનો વિચાર કરવો પડે છે. આ દૃષ્ટિએ હેતુઓ જડ નથી હોતા, પરંતુ પરિવર્તનશીલ અને વિકાસમાન હોય છે. હેતુઓ વ્યવહારુ અને ફળીભૂત થાય તેવા ઊર્ધ્વગામી હોય છે.

**શૈક્ષણિક હેતુઓનું મહત્ત્વ** :-

શિક્ષણની પદ્ધતિ નક્કી કરી શકાય છે.

વર્ગવ્યવહાર દરમ્યાન શિક્ષક કઈ પ્રવૃત્તિઓ કરશે અને વિદ્યાર્થીઓ પાસે કઈ પ્રવૃત્તિઓ કરાવશે, તેની વિચારણા કરી શકાય છે.

શિક્ષણ માટેની શૈક્ષણિક સામગ્રી અને શૈક્ષણિક સાધનોના ઉપયોગ અંગે ખ્યાલ આવે છે.

શિક્ષણના અંતે વિદ્યાર્થીઓનું પરીક્ષણ કે મૂલ્યાંકન કઈ રીતથી કરી શકાશે તેનો નિર્ણય લઈ શકાય છે.

સમગ્ર શિક્ષણ પ્રક્રિયાનું નિયમન કરી શકાય છે.

શિક્ષણકાર્યને ચોક્કસ દિશામાં વાળવામાં ઉપયોગી છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીમાં કયા વર્તન - પરિવર્તનો લાવવાનાં છે, તે તરફ કાર્ય કરવામાં ધ્યાન આપી શકાય છે.

વિષયવસ્તુકેન્દ્રી કે પાઠ્યપુસ્તકકેન્દ્રી શિક્ષણને બદલે વર્તન- પરિવર્તનલક્ષી કે અધ્યેતા સુધારલક્ષી શિક્ષણ અંગે વિચારણા કરી અમલ કરી શકાશે.

શિક્ષણકાર્યની સફળતા, વિદ્યાર્થીઓએ મેળવેલી શૈક્ષણિક સિદ્ધિ, અધ્યયન અધ્યાપનની ક્રિયાની ગુણવત્તાનું મૂલ્યાંકન શૈક્ષણિક હેતુઓના સંદર્ભમાં કરી શકાશે.

**શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ** :-

મનોવૈજ્ઞાનિક અને શિક્ષણશાસ્ત્રીઓએ શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ અને રીતે કર્યું છે. તેમાંથી બેન્જામિન બ્લૂમ અને તેના સાથીદારોએ હેતુઓના વર્ગીકરણ માટે રજૂ કરેલી યોજના ખૂબ જ પ્રચલિત છે. તેમણે વિવિધ પ્રકારનાં વર્તનોને આધારે શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ કર્યું છે, નીચે મુજબ છે.

| શૈક્ષણિક હેતુઓના પ્રકાર | નિદિષ્ટ હેતુઓ |
|---|---|
| જ્ઞાનાત્મક હેતુઓ | જ્ઞાન કે માહિતી મેળવવી, જ્ઞાનની સમજ મેળવવી, જ્ઞાનનો ઉપયોગ કરવો, જ્ઞાન કે માહિતીનું વિશ્લેષણ કે સંશ્લેષણ અને મૂલ્યાંકન કરવું. |
| ભાવાત્મક હેતુઓ | જ્ઞાન મેળવે, તેના પ્રત્યે ગમો–અણગમો થાય, આનંદ મેળવે, રસ કે અભિરુચિ કેળવે, કદર કરે, મનોવલણો કેળવે, મૂલ્યો કેળવે. |
| મનોશારીરિક હેતુઓ | શારીરિક અંગોપાંગોના હલનચલનને લગતા હેતુઓ – માં સુરેખ અને સુવાચ્ય અક્ષરોમાં લખે, ચિત્રો દોરે, ચાર્ટ્સ બનાવે, કાવ્યને મુખ - પાઠ કરે. |

મનુષ્યનું વર્તન સમગ્રપણે પ્રગટ થતું હોય છે.

ઉદાહરણ તરીકે,

વાચન પ્રવૃત્તિ : (1) વાચન દરમ્યાન માહિતી કે જ્ઞાન મેળવે છે(જ્ઞાનાત્મક હેતુ)

(2) વાંચન દરમ્યાન તે વિચારે છે અને તેના પ્રત્યે ગમો–અણગમો પ્રગટે છે. તેના પ્રત્યે રસ કેળવે છે, તેના દ્વારા આનંદ મેળવે છે.(ભાવાત્મક હેતુ)

(3) વાચન દરમ્યાન સારી લાગતી બાબતો નીચે લીટી દોરે છે, અને તેની નોંધ કરી લે છે.(મનોશારીરિક હેતુ)

આમ, ત્રણેય પ્રકારના હેતુઓ એક સાથે જ કાર્ય કરતા હોય છે. છતાં શિક્ષણ કાર્ય માટે એક પાસા પર ધ્યાન કેન્દ્રિત કરવા તેને વિભાજિત કરવા જોઈએ.

## 2.2 **હેતુઓનું સ્તરીકરણ ાન પ્રા ત, અર્થગ્રહણ, ઉપયોજન, અભિવ્યક્તિ અને રસાસ્વાદ**

**હેતુઓનું વર્ગીકરણ | સ્તરીકરણ**

જ્ઞાનાત્મક હેતુઓના પ્રકારો ક્રમિક અને શ્રેણીબદ્ધ છે. જ્ઞાનપ્રાપ્તિ સૌથી નીચા સ્તરનો હેતુ છે અને મૂલ્યાંકન એ સર્વોચ્ચ સ્તરનો હેતુ છે. જ્ઞાનપ્રાપ્તિ ઉપર સમજ, સમજ ઉપર ઉપયોજન, ઉપયોજન ઉપર વિશ્લેષણ, વિશ્લેષણ ઉપર સંશ્લેષણ અને શ્લેષણ પર મૂલ્યાંકન આધારિત છે, નીચેના ચાર્ટ્સ દ્વારા સમ એ.

| ાનાત્મક હેતુપ્રકાર - સ્તર - આધાર | સમજ અને વર્તનો |
|---|---|
| મૂલ્યાંકન / રસાસ્વાદ<br>(સર્વોચ્ચ સ્તર) | હકીકતો અને માપદંડોને આધારે નિર્ણય લેવા અને તેને વ્યાજબી ઠરાવવા એટલે મૂલ્યાંકન કરવું. મૂલ્યાંકનના અંતે જ સાચો સાહિત્યનો રસાસ્વાદ પ્રાપ્ત કરી શકાય.<br>પાઠ્યપુસ્તકમાંથી શ્રેષ્ઠ કાવ્યો જણાવવાં. વાર્તાનું શ્રેષ્ઠ પાત્ર જણાવવું અને તે શાથી શ્રેષ્ઠ છે તે જણાવવું – કારણો આપે, કાવ્ય કે વાર્તાને મૂલવે, કૃતિના ગુણદોષ જણાવે. |
| સંશ્લેષણ / અભિવ્યક્તિ | જુદી જુદી અને છૂટી છૂટી માહિતીનું સંયોજન કરીને |

| | |
|---|---|
| (પંચમ સ્તર) | નવા વિચારો કે નવી માહિતીનું સર્જન કરવું એટલે સંશ્લેષણ કરવું. ભાષામાં અભિવ્યક્તિન હેતુ સંશ્લેષણનો જ છે. વક્તવ્ય આપે, લખે સંયોગીકરણ કરે, પ્રસંગનું વર્ણન કરે – રજૂ કરે મુદ્દાને આધારે વાર્તા લખે. |
| વિશ્લેષણ (ચતુર્થ સ્તર) | જ્ઞાન કે માહિતીને નાના - નાના અંશોમાં છૂટી પાડવી એટલે વિશ્લેષણ કરવું. વિગતો વચ્ચેની સમાનતા કે વિષમતા તારવે, સિદ્ધાંતને આધારે માહિતીનું વર્ગીકરણ કરે. તફાવત આપે, પૃથક્કરણ કરે. વિવિધ તત્ત્વો વચ્ચે સંબંધ સ્થાપે, કારણો અને પરિણામો વચ્ચે સંબંધ શોધે, કૃતિનું અર્થઘટન કરી લેખનનું દૃષ્ટિબિંદુ શોધે |
| ઉપયોજન (તૃતીય સ્તર) | મેળવેલા જ્ઞાનનો નવી અને અપરિચિત પરિસ્થિતિમાં સફળતાપૂર્વક ઉપયોગ કરવો. નિયમો, સિદ્ધાંતો, વિચારો અને પદ્ધતિઓના સૈદ્ધાંતિક જ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરવામાં આવે ત્યારે ઉપયોજન કર્યું તેમ કહેવાય, સંધિ છોડે, સંધિ જોડે, અહંકારનાં નામ આપે, સમાસ વિગ્રહ કરી નામ આપે. શબ્દનો વાક્યપ્રયોગ કરે. |
| સમજ (દ્વિતીય સ્તર) | ભાષાંતર કરે, અર્થઘટન કરે, સારસંક્ષેપ કરે, માહિતીના આધારે અનુમાન કે આગાહી કરે, ઉદાહરણો આપે, સ્પષ્ટ કરે, પાત્રોની વિશેષતાઓ જણાવે, પાત્ર પરિચય આપે, વ્યાખ્યા તારવે - સમજાવે. તુલના કરે, અર્થઘટન કરે, સારાંશ આપે. |
| જ્ઞાનપ્રાપ્તિ (નિમ્ન સ્તર) | હકીકતો, વિગતો, માહિતી પ્રાપ્ત કરે, યાદ કરે, ઓળખે, માહિતી શોધે, પ્રકારો જણાવે, શબ્દનો અર્થ આપે, પાત્રોનાં નામ આપે, યાદી આપે. |

આધાર દર્શાવે છે - દા.ત. સમજના હેતુ જ્ઞાનપ્રાપ્તિ પર આધારિત છે

## વિશિષ્ટ હેતુઓ

કોઈપણ કાર્ય એક જ સમયે એકાદ-બે પ્રક્રિયાઓ કે પ્રવૃત્તિઓથી પૂર્ણ કર શકાતું નથી. તેને વ્યવસ્થિત રીતે પૂર્ણ કરવા નાના, અતિ નાના ઘટકોમાં વહેંચી ક્રમિક રીતે પૂર્ણ કરવું પડતું હોય છે. તેવી જ રીતે કોઈપણ એકમને નાના શૈક્ષણિક મુદ્દાઓમાં વહેંચી તેના સંદર્ભમાં હેતુ નિશ્ચિત કરવામાં આવે, કે સામાન્ય હેતુની સિદ્ધિ અર્થે હોય તેને વિશિષ્ટ હેતુ કહેવાય. વિશિષ્ટ હેતુઓ શું વિશિષ્ટ શીખવવાનું છે તેની સ્પષ્ટતા કરતા હોય છે. આ હેતુઓ ટૂંકા સમયમાં, ઓછાં સાધનો અને શક્તિથી સિદ્ધ થઈ શકે છે. તે વિષય, વિષયાંગ અને બાળકોની વયકક્ષાના આધારે રચવા પડે છે. આ હેતુ ભાષાકીય રીતે સરળ, ટૂંકા અને સ્પષ્ટ હોય છે. તે મૂલ્યાંકનલક્ષી હોય છે અને તે શૈક્ષણિક પદ્ધતિઓ, અભિગમો, અધ્યયન અનુભવો, વર્તન તરાહો અને મૂલ્યાંકન માટે દિશાસૂચક છે.

## સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ વચ્ચેનો તફાવત

| **સામાન્ય હેતુઓ** | **વિશિષ્ટ હેતુઓ** |
|---|---|
| શિક્ષણનાં ધ્યેયો કે લક્ષ્યો તરફ પ્રયાણકરે છે. | સામાન્ય હેતુઓ તરફ પ્રયાણ કરે છે. |
| સામાન્ય હેતુઓ બધા વિષયો માટે એક સરખા હોય છે. મ કે, જ્ઞાનપ્રાપ્તિ, સમજ, ઉપયોગ વગેરે. | - તે વિષયના વિષયવસ્તુના સંદર્ભમાં તેની રચના કરવામાં આવે છે. |
| તેની નિષ્પત્તિ વ્યાપક અને વિશાળ હોય છે. | અને પરિસ્થિતિની દૃષ્ટિએ એક તાસને અંતે સિદ્ધ થઈ શકે તેવો વાસ્તવિક હોય છે. |
| સ્પષ્ટ વિધાનના રૂપમાં તેની રચના હોય છે. | અપેક્ષિત વર્તન—પરિવર્તનની ભાષામાં સ્પષ્ટ આલેખન કરવામાં આવે છે. |
| એક સામાન્ય હેતુ માટે અનેક વિશિષ્ટ હેતુઓ હોઈ શકે. | વિષયવસ્તુના સ્વરૂપને આધારે એક તાસમાં તેની સંખ્યા નિશ્ચિત થાય છે. |
| સમયની અપેક્ષાએ ખૂબ લાંબા ગાળાના છે, અને ક્વચિત્ સંપૂર્ણ સિદ્ધ કરી શકાતા નથી | ટૂંકા ગાળાના છે અને પાઠને અંતે - કરી શકાય છે. |

| | |
|---|---|
| તેની સંકલ્પના અસ્પષ્ટ અને અમૂર્ત છે. | સંકલ્પનાને સ્પષ્ટ અને માપન કરી શકાય તેવા હેતુઓ છે. |
| વાર્ષિક પ્રશ્નપત્ર (બ્લ્યૂપ્રિન્ટ)ની રચના વખતે સામાન્ય હેતુઓ ધ્યાનમાં રાખવામાં આવે છે. | તાસને અંતે થતા મૂલ્યાંકનમાં તેની સિદ્ધિનું માપન થઈ શકે છે. |
| ક્રિયાપદો : મેળવે, જાણે, માણે, સમ , કેળવે. | ક્રિયાપદો વર્ણન કરે,ઓળાખ આપે,પરિચય આપે,ઉદાહરણ આપે |

## 2.3 ગુજરાતી ભાષા શિક્ષણના અનુદેશાત્મકહેતુઓ

**સામાન્ય હેતુ** : વિધાર્થીઓ શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે.

**વિશિષ્ટ હેતુ** :-

સંયુક્ત અને સંકુલ વાક્યરચનાઓવાળી સામગ્રીને સાંભળીને તદ્વિષયકચર્ચામાં ભાગ લઈ શકે.

અધ્યાપન દરમિયાન સાંભળેલી સામગ્રીના આધારે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર આપી શકે.

સાંભળેલી સામગ્રીમાંથી અર્થગ્રહણ કરીને આશરે 10 વાક્યોમાંમુદ્દાસર રજૂઆત કરી શકે.

સાંભળેલી સામગ્રીમાંના વિવિધ ભાવોને સમ ને પૂછાયેલા પ્રશ્નોનો ઉત્તર આપી શકે.

સાંભળેલી સામગ્રીમાં રજૂ થયેલ વક્તવ્ય અંગે પોતાનો પ્રતિભાવદર્શાવી શકે.

ઉચ્ચારાયેલ વાક્યો અને તેમાંના ભાવો વચ્ચેનો સામ્ય—ભેદ પારખી શકે.

આશરે 8500   ટલા શબ્દો સાંભળીને સમ    શકે અને શબ્દોનો પોતાના વ્યવહારમાં ઉપયોગ કરી શકે.

**સામાન્ય હેતુ** : વિધાર્થીઓ કથન દ્વારા અભિવ્યક્તિ કરે.

**વિશિષ્ટ હેતુ** :-

સંદર્ભ અને કક્ષાને અનુરૂપ યોગ્ય શબ્દોની પસંદગી કરીને કથન કરી શકે.

આશરે આઠથી દસ મિનિટ   ટલી નિયત સમયમર્યાદા સુધી મુક્તવક્તવ્ય આપી શકે.

સ્વાનુભવો વિશે અસરકારક કથન કરી શકે.

નાટ્યાંશો અને સંવાદોનું ભાવવાહી સસ્વર પઠન કરી શકે.

વિવિધ પ્રકારની કાવ્ય રચનાઓનું ભાવવાહી સસ્વર પઠન કરી શકે.

વિવિધ પ્રકારની કાવ્યરચનાઓનું ભાવવાહી ગાન અને સસ્વર પઠન કરી શકે.

વિવિધ કાર્યક્રમના સંચાલનને અનુરૂપ મૌખિક અભિવ્યક્તિ કરી શકે.

મૌલિક રચનાઓ સ્વસ્થતાપૂર્વક અભિવ્યક્ત કરી શકે.

આશરે 4000   ટલા શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ કરી શકે,

**સામાન્ય હેતુ** : વિધાર્થીઓ વાંચન દ્વારા અર્થગ્રહણ કરે.

**વિશિષ્ટ હેતુ** :-

માન્ય ભાષામાં યોગ્ય ઝડપ, સ્વરભાર, આરોહ-અવરોહ, વિરામચિહ્નો ધ્યાનમાં રાખીને વાચન કરી શકે.

શ્રોતાઓની સંખ્યા ધ્યાનમાં રાખીને નિર્ભીકપણે સસ્વર વાચન કરીશકે.

નિબંધ, વાર્તા, નાટક, નવલકથા, ચરિત્રો, કવિતા, સમાચારપત્ર, સામયિક વી વાચનસામગ્રીને અનુરૂપ સસ્વર વાચન કરી શકે.

વાચનસામગ્રીમાંના ભાવોને અનુરૂપ સસ્વર વાચન કરી શકે.

વાંચેલી સામગ્રી ઉપર પૂછાયેલા પ્રશ્નોના સુસંગત જવાબ આપી શકે.

વાંચેલી સામગ્રીના આધારે સર્જકની કલ્પના વિશે અનુમાન કરીપૂછાયેલ પ્રશ્નોના ઉત્તર આપી શકે.
વાચનસામગ્રીના અપરિચિત શબ્દો, રૂઢિપ્રયોગો અને કહેવતોના અર્થ કહી શકે.

વાચનસામગ્રીના મૂકવાચનને આધારે સૂચના અનુસાર સામગ્રીમાંનાપ્રસંગો, ઘટનાઓને સાંકળીને તેની મૌખિક રજૂઆત કરી શકે.

વાચનસામગ્રીના યોગ્ય શીર્ષક માટેનાં કારણો દર્શાવી શકે.

વાચનસામગ્રીનો સારાંશ ટૂંકમાં રજૂ કરી શકે.

પૂર્વે વાંચેલી સામગ્રીનો વર્તમાન સામગ્રી સાથે અનુબંધ કરી શકે.

વાચનસામગ્રીમાંના ભાવોને અનુરૂપ વાચનની ગતિનું નિયમન કરી શકે.

ચાવીરૂપ વાક્યો તારવીને ઝડપથી વાચન કરી શકે.

સમગ્ર વાચનસામગ્રીનું સિંહાવલોકન કરી શકે.

શબ્દકોશનો ઉપયોગ કરી વાચનસામગ્રીમાંના શબ્દોના વિવિધ અર્થ આપી વાક્યપ્રયોગ કરી શકે.

વાચનસામગ્રીમાંથી મેળવેલ જ્ઞાન, મનોરંજન અને પ્રેરણાને વ્યક્ત કરી શકે.

છંદ અને લય અનુસાર કાવ્યનું ભાન કરી શકે.

વાચનસામગ્રીમાંનાં શબ્દચિત્રો, પ્રતીકો અને કલ્પનાઓ દર્શાવી શકે.

આશરે 4000  ટલા શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ સાથે વાંચન કરી ટુ અને તેમના અર્થ આપી શકે.

**સામાન્ય હેતુ** : **વિધાર્થીઓ લેખન દ્વારા અભિવ્યક્તિ કરે,**

વિશિષ્ટ હેતુ

શબ્દકોશનો ઉપયોગ કરીને જરૂરી અર્થને અનુરૂપ શબ્દો લખી શકે.

ભાવાર્થને અનુરૂપ વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરીને લખી શકે

આ સંદર્ભ અને કક્ષાને અનુરૂપ યોગ્ય શબ્દો અને દષ્ટાંતો કરીને લખી શકે.

એક જ અર્થ માટેના અનેક શબ્દોનો ઉપયોગ કરીને વિવિધ અર્થચ્છાયાઓ પ્રગટ થાય તે રીતે લખી શકે.

મુદ્દાઓ અનુસાર ફકરા પાડીને વિચારોનું તાર્કિક રીતે નિરૂપણ કરી શકે.

વિનંતીપત્ર, નિમંત્રણપત્ર, અભિનંદનપત્ર, આભારદર્શનપત્ર,દિલગીરી વ્યક્ત કરતો પત્ર  વા વિવિધ સ્વરૂપના પત્રો લખી શકે.

મનીઓર્ડર ફોર્મ, અર  પત્રક વગેરે સાચી રીતે અને સ્વચ્છ રીતે ભરીશકે

વર્ણનાત્મક, કલ્પનાત્મક, ચિંતનાત્મક નિબંધો રૂપરેખાસહિત આશરે ૩૦ વાક્યોમાં લખી શકે.

રૂપરેખા કે વિષયના આધારે વાર્તા લખી શકે.

“સ્વાનુભવના પ્રસંગો કે ઘટનાનો અહેવાલ લખી શકે.

આપેલા વિષય કે પ્રસંગને અનુરૂપ મૌલિક સંવાદો લખી શકે.

આ વાર્તા, સંવાદ, એકાંકી, પ્રસંગકાવ્ય, કથાકાવ્ય  વી વાંચેલી સામગ્રીનો  પોતાની ભાષામાં સંક્ષેપ કરી શકે.

અપરિચિત ગદ્યાંશ કે પદ્યાંશના ઉત્તરો લખી શકે.

વિચારો અને ભાવોનું સમર્થન દષ્ટાંતો, કહેવતો અને અવતરણોનોયોગ્ય ઉપયોગ કરીને લખી શકે.

લેખનમાં સાર્થક રીતે રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરી શકે.

અલંકારો અને સામાયિક શબ્દોનો યોગ્ય ઉપયોગ કરીને લખી શકે.

લેખનમાં સુસંગત વિગતો રજૂ કરી શકે.

વિચારોને સંયુક્ત અને સંકુલ વાક્યોમાં લખી શકે.

આશરે 4000 ટલા શબ્દોને માન્ય જોડણીમાં લખી શકે.

**સામાન્ય હેતુ : વિધાર્થીઓ સાહિત્યનાં વિવિધ સ્વરૂપો પ્રતિ રસ અનેવલણ કેળવે.**

વિશિષ્ટ હેતુ :

સાંભળેલી અને વાંચેલી સામગ્રી ગમવા ન ગમવા માટે કારણો આપી રજૂઆત કરી શકે.

સાંભળેલી અને વાંચેલી સામગ્રીના અનુસંધાનમાં એ જ લેખકની કેવિષયની અન્ય વાર્તાઓ સાંભળીને કે વાંચીને અભિપ્રાય આપી શકે.

પાઠ્યસામગ્રીની મૂળ કૃતિઓ કે સંદર્ભ કૃતિઓ વાંચવાની પ્રેરણા મેળવી શકે.

પાઠ્યસામગ્રીના પદ્યસાહિત્યના સંદર્ભમાં ઇતર પદ્યસાહિત્યના વાચનનીઅભિરુચિ કેળવી શકે.

પાઠ્યસામગ્રીમાં રહેલા વિચાર અને ભાવનું સૌંદર્ય માણી શકે.

સાંભળેલી સામગ્રી અને વાંચેલી સામગ્રી તથા સમસંવેદન અનુભવી શકે.

ભાષાવસ્તુમાં વ્યક્ત થયેલ મૌલિકતા અલગ તારવીને દર્શાવી શકે.

સાહિત્યનાં જુદાં જુદાં સ્વરૂપો પ્રત્યે વાંચનની અભિરુચિ કેળવી શકે.

ભાષાસામગ્રીમાંથી રાષ્ટ્રીય મૂલ્યો તારવીને દર્શાવી શકે.

ભાષાસામગ્રીમાંનાં રાષ્ટ્રીય મૂલ્યો કેળવવા સભાન બની શકે.

---

**સામાન્ય હેતુ : વિધાર્થીઓ વ્યાકરણતા ાતનું ઉપયોજન કરે.**

વિશિષ્ટ હેતુ :

વિદ્યાર્થીઓ વ્યાકરણના નિયમો પરિચિત ઉદાહરણોને લાગુ પાડી વ્યાકરણના પ્રશ્નો સરળતાથી ઉકેલે.

કથન અને લેખનમાં વ્યાકરણના વિવિધ નિયમોનો ઉપયોગ કરે.

વ્યાકરણના વિવિધ નિયમોના જ્ઞાનને આધારે વિશિષ્ટ ઉદાહરણોમાં તે જ્ઞાનનું ઉપયોજન કરે.

વ્યાકરણની વિવિધ સંકલ્પનાઓ જાણે મ કે, વાક્યનાં પદો, અનુગો, નામયોગીઓ, સંજ્ઞા, સર્વનામ, રૂઢિપ્રયોગો, કહેવતો, સંધિસમાસ, કૃદન્તો, પ્રેરક–કર્મણિ પ્રયોગો, સંયોજકો – છંદ – અલંકારો વગેરે.

વાકયનાં પદોને જુદાં પાડી તેમની લાક્ષણિકતાઓ જાણે.

વાકયનું વિશ્લેષણ કરે, અને સંયોજન કરે.

સંધિ છોડે અને જોડે.

છંદો, અલંકારોને ઓળખે.

કથન અને લેખનમાં રૂઢિપ્રયોગો, કહેવતો અને અલંકારોનો ઉપયોગ કરે.

## 2.4 જુદી જુદી કક્ષાનાં (ધોરણના) વિશિષ્ટ હેતુની રચના

**વિશિષ્ટ હેતુ :-**

1. સંયુક્ત અને સંકુલ વાક્યરચનાઓવાળી સામગ્રીને સાંભળીને તદ્વિષયક ચર્ચામાં ભાગ લઈ શકે.
2. અધ્યાપન દરમિયાન સાંભળેલી સામગ્રીના આધારે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર આપી શકે.
3. સાંભળેલી સામગ્રીમાંથી અર્થગ્રહણ કરીને આશરે 10 વાક્યોમાંમુદ્દાસર રજૂઆત કરી શકે.
4. સાંભળેલી સામગ્રીમાંના વિવિધ ભાવોને સમ ને પૂછાયેલા પ્રશ્નોનો ઉત્તર આપી શકે.

5. સાંભળેલી સામગ્રીમાં રજૂ થયેલ વક્તવ્ય અંગે પોતાનો પ્રતિભાવદર્શાવી શકે.
6. ઉચ્ચારાયેલ વાક્યો અને તેમાંના ભાવો વચ્ચેનો સામ્ય—ભેદ પારખી શકે.
7. આશરે 8500 ટલા શબ્દો સાંભળીને સમ શકે અને શબ્દોનો પોતાના વ્યવહારમાં ઉપયોગ કરી શકે.
8. સંદર્ભ અને કક્ષાને અનુરૂપ યોગ્ય શબ્દોની પસંદગી કરીને કથન કરી શકે.
9. આશરે આઠથી દસ મિનિટ ટલી નિયત સમયમર્યાદા સુધી મુક્તવક્તવ્ય આપી શકે.
10. સ્વાનુભવો વિશે અસરકારક કથન કરી શકે.
11. નાટ્યાંશો અને સંવાદોનું ભાવવાહી સસ્વર પઠન કરી શકે.
12. વિવિધ પ્રકારની કાવ્ય રચનાઓનું ભાવવાહી સસ્વર પઠન કરી શકે.
13. વિવિધ પ્રકારની કાવ્યરચનાઓનું ભાવવાહી ગાન અને સસ્વર પઠન કરી શકે.
14. વિવિધ કાર્યક્રમના સંચાલનને અનુરૂપ મૌખિક અભિવ્યક્તિ કરી શકે.
15. મૌલિક રચનાઓ સ્વસ્થતાપૂર્વક અભિવ્યક્ત કરી શકે.
16. આશરે 4000 ટલા શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ કરી શકે,
17. માન્ય ભાષામાં યોગ્ય ઝડપ, સ્વરભાર, આરોહ-અવરોહ, વિરામચિહ્નો ધ્યાનમાં રાખીને વાચન કરી શકે.
18. શ્રોતાઓની સંખ્યા ધ્યાનમાં રાખીને નિર્ભીકપણે સસ્વર વાચન કરીશકે.
19. વાચનસામગ્રીમાંના ભાવોને અનુરૂપ સસ્વર વાચન કરી શકે.
20. વાંચેલી સામગ્રી ઉપર પૂછાયેલા પ્રશ્નોના સુસંગત જવાબ આપી શકે.
21. વાચનસામગ્રીના યોગ્ય શીર્ષક માટેનાં કારણો દર્શાવી શકે.
22. વાચનસામગ્રીનો સારાંશ ટૂંકમાં રજૂ કરી શકે.
23. પૂર્વે વાંચેલી સામગ્રીનો વર્તમાન સામગ્રી સાથે અનુબંધ કરી શકે.
24. વાચનસામગ્રીમાંના ભાવોને અનુરૂપ વાચનની ગતિનું નિયમન કરી શકે.
25. ચાવીરૂપ વાક્યો તારવીને ઝડપથી વાચન કરી શકે.
26. સમગ્ર વાચનસામગ્રીનું સિંહાવલોકન કરી શકે.
27. શબ્દકોશનો ઉપયોગ કરી વાચનસામગ્રીમાંના શબ્દોના વિવિધ અર્થ આપી વાક્યપ્રયોગ કરી શકે.
28. વાચનસામગ્રીમાંથી મેળવેલ જ્ઞાન, મનોરંજન અને પ્રેરણાને વ્યક્ત કરી શકે.

29. છંદ અને લય અનુસાર કાવ્યનું ભાન કરી શકે.
30. વાચનસામગ્રીમાંનાં શબ્દચિત્રો, પ્રતીકો અને કલ્પનાઓ દર્શાવી શકે.
31. આશરે 4000   ટલા શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ સાથે વાંચન કરી ટુ અને તેમના અર્થ આપી શકે.
32. શબ્દકોશનો ઉપયોગ કરીને જરૂરી અર્થને અનુરૂપ શબ્દો લખી શકે.
33. ભાવાર્થને અનુરૂપ વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરીને લખી શકે
34. આ સંદર્ભ અને કક્ષાને અનુરૂપ યોગ્ય શબ્દો અને દષ્ટાંતો કરીને લખી શકે.
35. એક જ અર્થ માટેના અનેક શબ્દોનો ઉપયોગ કરીને વિવિધ અર્થચ્છાયાઓ પ્રગટ થાય તે રીતે લખી શકે.
36. મુદ્દાઓ અનુસાર ફકરા પાડીને વિચારોનું તાર્કિક રીતે નિરૂપણ કરી શકે.
37. મનીઓર્ડર ફોર્મ, અર   પત્રક વગેરે સાચી રીતે અને સ્વચ્છ રીતે ભરી શકે
38. વર્ણનાત્મક, કલ્પનાત્મક, ચિંતનાત્મક નિબંધો રૂપરેખાસહિત આશરે ૩૦ વાક્યોમાં લખી શકે.
39. રૂપરેખા કે વિષયના આધારે વાર્તા લખી શકે.
40. "સ્વાનુભવના પ્રસંગો કે ઘટનાનો અહેવાલ લખી શકે.
41. આપેલા વિષય કે પ્રસંગને અનુરૂપ મૌલિક સંવાદો લખી શકે.
42. અપરિચિત ગદ્યાંશ કે પદ્યાંશના ઉત્તરો લખી શકે.
43. વિચારો અને ભાવોનું સમર્થન દષ્ટાંતો, કહેવતો અને અવતરણોનોયોગ્ય ઉપયોગ કરીને લખી શકે.
44. લેખનમાં સાર્થક રીતે રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરી શકે.
45. અલંકારો અને સામાયિક શબ્દોનો યોગ્ય ઉપયોગ કરીને લખી શકે.
46. લેખનમાં સુસંગત વિગતો રજૂ કરી શકે.
47. વિચારોને સંયુક્ત અને સંકુલ વાક્યોમાં લખી શકે.
48. આશરે 4000   ટલા શબ્દોને માન્ય જોડણીમાં લખી શકે.
49. સાંભળેલી અને વાંચેલી સામગ્રી ગમવા ન ગમવા માટે કારણો આપી રજૂઆત કરી શકે.
50. પાઠ્યસામગ્રીની મૂળ કૃતિઓ કે સંદર્ભ કૃતિઓ વાંચવાની પ્રેરણા મેળવી શકે.

## એકમ – 3માતૃભાષાનાં મૂળભૂત કૌશલ્યો

3.1 **શ્રવણ, કથન, વાચન, લેખન : સંકલ્પના અને વિકાસની પ્રવૃત્તિઓ**

**શ્રવણ કૌશલ્ય :-**

સંકલ્પના : અર્થગ્રહણ યુક્ત સાંભળવું એટલે શ્રવણ. તજ્જ્ઞોએ સાભળવું અને શ્રવણ શબ્દોનું અર્થઘટન વિવેકપૂર્ણ કરેલ છે. શબ્દકોશગત અર્થમાં પણ Hearing અને Listening ના અર્થની સ્પષ્ટતા છે.

મ કે,

'Hearing is the apprehension of the sound'

'Listening is the comprehension of symbols.'

Listening may be defined as the perceptul aspect of hearing.

Listening technically is known as auding. The process of listening is the process of recongnizing and interpreting of comprehending the spoken language.

અહીં સાંભળવું એટલે કોઈપણ જાતના અવાજનું કાન દ્વારા સંવેદન અનુભવવું એમ કહી શકાય કારણ કુદરતે દરેકને સાંભળવાની ક્ષમતા તો પ્રદાન કરેલી જ છે. કોઈ આદિવાસી વ્યક્તિ અન્ય પ્રદેશની વ્યક્તિ સાથે તેની ભાષામાં વાત કરે છે ત્યારે તે વ્યક્તિ તેની ભાષા સાંભળે છે, પરંતુ કંઇ જ સમજતી નથી. આથી શ્રવણ એટલું સાંભળવું તો ખરું જ પણસાંભળેલા અવાજ – ભાષા – સંગીતનું અર્થઘટન અને અર્થગ્રહણ કરવું એમ કહેવાય. સાંભળેલાં ઉચ્ચારણો, ધ્વનિઓ, ધ્વનિશ્રેણીઓ, શબ્દો, શબ્દસમૂહો કે વાક્યોની શ્રાવ્ય છાપો(Images)નું પ્રત્યક્ષીકરણ (Pereception) થાય તો જ અર્થઘટન કે અર્થગ્રહણ થાય છે. આથી મનોવૈજ્ઞાનિકો શ્રવણ પ્રક્રિયાને પ્રત્યક્ષીકરણની પ્રક્રિયા ગણે છે. શ્રવણ એક સંકુલ પ્રક્રિયા છે. ટૂંકમાં, શ્રવણ કૌશલ્ય એટલે ...

ધ્યાનપૂર્વક સાંભળવું.

અર્થગ્રહણ સાથે સાંભળવું.

વક્તાના વિચારોને વિવિધ સંદર્ભોમાં સમજવા.

વક્તાના વિચારોને પૂર્ણ રીતે સમજવા.

વક્તવ્યને તત્કાળ સાંભળીને અર્થગ્રહણ કરવું.

શુદ્ધ ઉચ્ચારોને કરી સાંભળવું.

ધીરજપૂર્વક અને રસપૂર્વક સાંભળવું.

હાવભાવ અને ચેષ્ટાઓને સમજવી.

**શ્રવણકીશલ્યના વિકાસ માટેની પ્રવૃત્તિઓ**

શ્રવણકૌશલ વિકાસ માટેની રમતોનું આયોજન કરવું.

શ્રવણકૌશલ વિકાસ માટેના મહાવરા આપવા.

રેડિયો, ટી.વી. ઉપર આવતા સમાચારનું શ્રવણ કરી નોંધવા.

વિવિધ પર્વોની ઊજવણી પ્રસંગે શિક્ષક-વિદ્યાર્થીનાં વક્તવ્યો રજૂ કરવાં.

મહાન પુરુષોની જન્મજયંતિઓ કે પુણ્યતીથિઓની ઉજવણી કરવી.

વિવિધ વક્તાઓને જુદા જુદા પ્રસંગે આમંત્રી વક્તવ્યો કે પ્રવચનો ગોઠવવાં.

સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી દેશ્ય શ્રાવ્ય અનુભવોની તક આપવી.

ચર્ચાસભા, વાર્તાકથન   વા કાર્યક્રમો રજૂ કરવા.

નાટક, સંવાદ, ફિલ્મ દર્શાવવાં.

રેડિયો કે ટેપરેકોર્ડર દ્વારા શ્રાવ્ય અનુભવો આપવા.

પ્રાર્થના સભામાં – સુવિચાર, સમાચાર, પ્રાર્થના, વકતવ્ય, પુસ્તક સમીક્ષા   વી પ્રવૃત્તિઓ રાખવી.

નિબંધ, વાર્તા, લોકકથા કે અન્ય પ્રકારના સાહિત્યનો કાર્યક્રમ ગોઠવવો.

કવિસંમેલન, મુશાયરો કે સાહિત્ય - સંમેલન યોજવું.

વિવિધ ક્લાકારોના કાર્યક્રમો ગોઠવવા

કાવ્ય, ગીત, ભજન, દૂહા, રાસ, ગરબા અને ટુચકાનો કાર્યક્રમ યોજવો.

વિદ્યાર્થીના સ્વાનુભવો રજૂ કરવાની તક આપવી.

પ્રાર્થનાસભાના વક્તવ્યની નોંધ કરાવવી.

સમાચારવાચનમાં થતી ભૂલો નોંધવી.

સહાધ્યાયીઓના પ્રાદેશિક ઉચ્ચારણોની નોંધ કરવી.

અપરિચિત કાવ્ય કે ગદ્યાંશનું પઠન કે વાચન કરી પ્રશ્નો પૂછવા.

**કથન કૌશલ્ય**

સંક્લ્પના :

શબ્દને બ્ર   તરીકે ઓળખવામાં આવ્યો છે. એની પાછળ સમજ કદાચ એવી હશે કે શબ્દ માત્ર શબ્દ નથી પણ અર્થ પ્રગટ કરતું પોટલું છે. શબ્દ કદી નિરર્થક નથી હોતો. કુદરતી શરીર – રચનામાં બોલવા માટે ઉચ્ચારણ મળ્યાં છે. પણ આ ઉચ્ચારણ અંગે શું બોલે છે અને કેવી રીતે બોલે છે તેના પર સમગ્ર સમાજ   વનના સંબંધો નભે છે. મુખમાંથી છૂટતા——છૂટતા શબ્દોમાં એટલી બધી તાકાત છે કે વર્ષોના સંબંધોને એક ઘડીના બારમા ભાગમાં તહસનહસ કરી શકે છે, અને વર્ષોના બગડેલા સંબંધોને એ એટલી જ વારમાં પાછા જોડી પણ શકે છે.

ઘણી વખત બોલનાર વ્યક્તિના બે કે ત્રણ શબ્દોમાં એટલી બધી તાકાત હોય છે કે સમગ્ર દેશના લોકો પર સંમોહનની અસર પેદા કરી શકે છે.   મ કે, ગાંધી   ના માત્ર બે શબ્દો 'હિંદ છોડો' કે ટિળકના 'સ્વતંત્રતા અમારો  જન્મસિદ્ધ અધિકાર છે.' અને નહેરુના 'આરામ હરામ હૈ'   વા શબ્દો આ   પણ છે અને તે શબ્દોની બોલાયેલી તાકાતમાં ભારતની સ્વતંત્રતાનો ઇતિહાસ છુપાયેલો છે.

ભાષામાં કહેવું હોય માણસ પોતાના વિચારો અને લાગણીઓને રજૂ તે કથન કહેવાય. ભાષાશક્તિ શબ્દોની વ્યુત્પત્તિ પ્રયોગનો ખ્યાલ આપે, પરંતુ એની શક્તિને સમજાવવાનું કામ મનોવિજ્ઞાનનું શબ્દ શસ્ર છે અને

પણ છે. હાલરડામાં, પિતાના આદેશમાં, દાદા દાદીના ટહુકામાં, મિત્રોના લહેકામાં, નેતાઓના સંભાષણમાં, શિક્ષકોના વ્યક્તવ્યમાં, અભિનેતાઓની વાક્છટામાં કથન કૌશલ્યનો પડઘો પડે છે.

**કથન કૌશલ્ના વિકાસ માટેની પ્રવૃત્તિઓ** :

મૌખિક અભિવ્યક્તિના વિકાસથી વ્યક્તિ વનનાં વિવિધ ક્ષેત્રોમાં સફળતા મેળવી શકે છે. {વ્યક્તિનું કથન અસરકારક તેનો અન્ય વ્યક્તિ પર વિશેષ પ્રભાવ પડે છે. આનો અર્થ એ થયો કે, વનમાં મૌખિક અભિવ્યક્તિનું ઘ ું મહત્ત્વ છે. વ્યક્તિની વાણી તેની સંસ્કારિતાને પ્રતિબિંબિત કરે છે.

મૌખિક અભિવ્યક્તિના વિકાસ માટે અથવા તો કથન કૌશલ્યના વિકાસ માટે નીચેના વી પ્રવૃત્તિઓનું આયોજન ઉપકારક બની રહે છે. આ પ્રવૃત્તિઓ જ કથનકૌશલ્યના વિકાસ માટેના ઉપાયો છે.

**વાર્તાકથન** :

બાળકોની મૌખિક અભિવ્યક્તિના વિકાસ માટે વાર્તાકથન એક મહત્ત્વનો ઉપાય છે. અમુક ઉંમરનાં બાળકોને વાર્તા સાંભળવાનું અને કહેવાનું ગમે છે. બાળકોને વાર્તામાં રુચિ હોય છે તેનો લાભ લઈને તેમને વર્ગમાં કે શાળાસભામાં વાર્તા કહેવા પ્રોત્સાહિત કરવા. બાળક હાવભાવ સાથે વાર્તાકથનથી બાળકને બોલવાની તક મળે છે. તે વિચારોને ક્રમબદ્ધ અને સાતત્યપૂર્ણ રીતે રજૂ કરતાં શીખે છે. વાર્તાકથનની સ્પર્ધા યો તેમાં ભાગ લેવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી. વાર્તાકથનની પ્રવૃત્તિ વિદ્યાર્થીઓની મૌખિક અભિવ્યક્તિ ખીલવે છે એટલે કે તેના કથનકૌશલ્યનો વિકાસ થાય છે.

**ચર્ચાસભા** :

